મૂળમાં નખત્રાણાના દેવશંકરભાઈનો આ પત્ર છે અને એના દ્વારા ઉપાડેલ મુદ્દાઓનો જવાબ લાલ અક્ષરોમાં આપેલ છે.

Real Patidar
Unravel Truth
Digitally signed by Real Patidar
DN: cn=Real Patidar, o=realpatidar.com, ou, email=mail@realpatidar.com, c=IN
Date: 2024.11.01 13:22:30 +05'30'

## Series 97 -Reply to Devshankarbhai Dhanani's Satpanth Appeasing Letter

Link: https://www.realpatidar.com/a/series97

આ વાત સંપૂર્ણ રીતે સાચી છે.

આ વાત બરાબર નથી. ઇતિહાસ બતાવે છે કે સતપંથની અલસી મુસલમાની ઓળખ ખુલ્લી ન પડી જાય એના ડરથી.. અને સનાતન સમાજમાં રહી પોતાનું મુસલમાન ધર્મ પાળી શકે એના માટે સનાતનીઓનો અવાજ દબાવવા સતપંથીઓ હમેંશા મથતા રહ્યા છે.

મવાળવાદી (દૂધ-દહી) એટલે કે સતપંથને છવારવાની વિચારધારાથી આજ દિવસ સુધી એક પણ સતપંથી સનાતની બન્યો નથી. ઊલટું આવી વિચારધારાના કારણે સતપંથ મજબૂત બન્યો છે. એમને છવારવાની આ નીતિના કારણે એમને પ્રોત્સાહન મળ્યું છે, જેના કારણે એ લોકો સનાતનીઓ ઉપર ખોટા કોર્ટ કેસો અને પોલીસ કેસો હિંમત મળે છે અને આવા સમાજ તોડું કૃત્યોને રોકવા માટે આ લોકો સામે કોઈ કડક પગલાં ભરવામાં નથી આવ્યા.

આવા કહેવાતા કટ્ટરવાદી (અમે એમને ધાર્મિક રીતે મક્કમ માણસો તરીકે ઓળખીએ છીએ) લોકોને જનતાનો મોટો સહયોગ મળ્યો છે જેથી આ વાત સાબિત કરે છે કે એ લોકો સાચા છે.

અને આવા લોકોના કારણે જ હજારો સતપંથીઓને સનાતનમાં લાવવામાં (હિન્દુ બનાવવા) સફળતા મળી છે અને સમાજ સાચી એકતા તરફ આગળ વધ્યો છે. ધન્યવાદને પાત્ર છે જેમણે આ સારું કામ કર્યું છે. કોઈ દિવસ દેવશંકરભાઈ એ આવા લોકોને ધન્યવાદ આપેલ નથી.

અત્યારે જે સનાતન અને સતપંથ સમાજનો વિવાદ ચાલે છે તેમાં સનાતન સમાજમાં જે સતપંથ સમાજ પ્રત્યે જે આક્રોશ છે તે ખરેખર સતપંથ સમાજ મુસ્લીમ છે કે વિધમી છે તે માટેનો નથી પરંતુ સતપંથ સમાજ તરફથી કરવામાં આવતા પોલીસ કેસ કે કોટ કેસ છે

સતપંથ સમાજ દ્વારા જે કેસો કરવામાં આવે છે તે બિલકુલ યોગ્ય નથી એક રીતે જોઈએ તો આવા કેસો કરવાથી ખુદ સતપંથ સમાજે પોતાના જ પગ ઉપર કુલ્હાડી મારેલ છે આવા કેસ કબાલા ન કરવામાં આવેલ હોત તો અત્યારે સતપંથ સમાજની પણ પરિસ્થિતી કંઈક અલગ હોત અને સનાતન સમાજ પણ જાગ્યો ન હોત અને જે સનાતન સમાજમાં સતપંથ પ્રત્યે જે આક્રોશ છે તે પણ ન હોત.

પરંતુ અહીં ખાસ વિચારવાનુ એ છે કે સતપંથ સમાજના રૂઢીચુસ્ત ભાઈઓ દ્વારા કેસો શા માટે કરવામાં આવેલા છે ? તે થોડુ વિચારવાની જરૂર છે સનાતન અને સતપંથ સમાજના કટરવાદી ભાઈઓ તરફથી અવારનવાર એકબીજા માટે ઉશ્કેરણીજનક લખાણ અથવા વાતો કરવામાં આવવાથી સતપંથ સમાજના ભાઈઓ દ્વારા સીધા કેસ કરવામાં આવે છે જયારે સનાતન સમાજ તરફથી સતપંથ સમાજના ભાઈઓને સમાજ બહાર કરવાનું શસ્ત્ર ઉગામવામાં આવે છે એને લઈને વિવાદો વધતા ગયા છે.

સતપંથ સમાજમાં જોઈએ તો એમાં બે વિચારધારાના માણસો છે એક વગ સુધારાવાદી છે અને બિજો વગ રૂઢીચુસ્ત છે અને સનાતન સમાજમાં પણ બે વગ છે એક વિચારશીલ અને સાચુખોટુ શું છે તે વિચારીને આગળ વધવા માટે પોતાના વિચારો ધરાવે છે અને ભવિષ્યમાં સમાજમાં આની અસર શું થશે ? એવુ વિચારીને આગળ વધે છે (જે અત્યારે કટરવાદીઓની નજરમાં દુધ–દહી વાળા છે) અને બીજો વગ એકદમ કટરવાદી છે જે એવુ માને છે કે આ સતપંથી જોઈએ જ નહી એના સિવાય બીજી વાત જ નહી, બીજી કોઈ વાત સાંભળતા જ નથી. આવા ભાઈઓ તરફથી ભારતભર માં પ્રવાસ કરીને સમાજના ભાઈઓને પોતાની વાતો કહીને સમાજનું વાતાવરણ પોતાની તરફે કરવામાં અમુક રીતે સફળતા મેળવી પણ છે.

આ બાબતમાં આપણા સમાજની પરીસ્થિતી માટે શરૂઆતના સમયમાં સનાતની વડીલોની સતપંથ પ્રત્યે શુ અપેક્ષા હતી ? જયારે આ સમાજની રચના તા.૧૧/૦૫/ ૧૯૬૦ ના શુભદીને કરવામાં આવી ત્યારે પ્રથમ કારોબારીમાં ઉપપ્રમુખ તરીકે

...૨...

આ ખોટું છે. સતપંથને લઈને થયેલ ઝગડાઓને કેશરા પરમેશ્વરાના સમયથી છે.. એટલે લગભગ 250 વર્ષો થયા.

મૂળ વિવાદ સતપંથ એ એક મુસલમાન ધર્મ છે એનો જ છે. ખોટા કોર્ટ કે પોલીસ કેસ તો સતપંથીની મુસલમાની સચ્ચાઈ બહાર લાવનાર લોકોનો આવાજ ખોટી રીતે દબાવવા કરવા માટે છે.

જે લોકો સમાજના નિયમો પાળે નહીં એમની સામે સમાજ છેલ્લે આવા જ નિર્ણયો કરે.. આ વાત બધા માટે લાગુ પડે, માત્ર સતપંથ માટે નહીં.

ભૂતકાળમાં જ્યારે આખી જ્ઞાતિ સતપંથ પાળતી હતી, ત્યારે સનાતન ધર્મ સ્વીકારનારને સતપંથીઓ એમની જ્ઞાતિ બહાર કરતા હતા.. એ ભૂલવું ન જોઈએ..

હાલની સનાતન સમાજ સતપંથમાંથી જ્ઞાતિ બહાર થયેલ લોકોની સમાજ છે અને જ્ઞાતિ બહાર કર્યા વાદ સતપંથીઓ હવે સનાતનીઓની સમાજમાં ઘૂસવા માંગે છે.

સતપંથીઓએ 1960નો આ કાર્યક્રમનો જાહેર બહિષ્કાર કરેલ છે. અરજણ રામજી ભગતની વાત કરીએ તો એ વડીલ તે સમયે પારિવારિક મજબૂરીના કારણે સતપંથી હોવા છતાં, સનાતન વિચારધારાથી સંપૂર્ણ રીતે વરેલા હતા અને એમને વચન આપેલ હતું કે હું સનાતની બનીશ. માટે એમને સનાતની આગેવાનોએ સાથે રાખેલ હતા. સમય જતાં એમને પોતાનું વચન પાળ્યું. આજે એમનો સંપૂર્ણ પરિવાર સનાતની બની ગયેલ છે.

કોઈ અન્ય ધર્મના લોકોનો સહયોગ લેવાથી સંસ્થાની વિચારધારા કે હેતુઓ બદલાઈ ન જાય. દાખલા તરીકે જેવી રીતે ભુજ સ્વામિનારાયણ મંદિરમાં એક કચ્છના મુસલમાનએ બહુ મોટું દાન આપેલ છે, એનાથી સ્વામિનારાયણ સંપ્રદાય મુસલમાન નથી બની જતું. આપણાં મંદિરોમાં અનેક અન્ય જ્ઞાતિના લોકોએ જેવા કે વાણિયા, લોહાણા, દરબાર વગેરે લોકોએ પણ દાન આપેલ છે. તેવીજ રીતે સનાતન સમાજમાં સતપંથીએ કદાચ દાન કે સહયોગ આપેલ હોય તો તેથી એ સમાજ સતપંથીઓનો નથી બની જતો.. કે એની સનાતની વિચારધારા મટી નથી જતી.

જેમ ભારતમાં સેક્યુલર (secular) વાદ ચાલ્યો અને મુસલમાનોને છવારવામાં આવ્યા એમ આપણાં સમાજમાં પણ સતપંથને છવારવાની પોલિસી અપનાવેલ હતી.

સાથે સાથે સમાજને સતપંથની તાકીયાની રમત ખબર નહોતી એટલે ભરમાઈને એવું માનવ લાગ્યા કે તેઓ એક દવસ સનાતની બની જશે.. જેથી આ લોકોને સભ્ય બનાવ્યા. વધુ વિગત માટે વાંચો "સતપંથ છોડો" પુસ્તક.

Link: https://www.realpatidar.com/a/series97



અરજણ રામજી ભગત ભુજ (મુળ વડવાકાંયા) ને લેવામાં આવ્યા અત્યારે જે ભુજની સમાજવાડી અને કન્યા છાત્રાલય છે તે જમીન લેવામાં એમનો મુખ્ય ફાળો હતો તે અરજણ રામજી સતપંથ સંપ્રદાયમાં સક્રિયતાથી માનતા હતા ઉપપ્રમુખ બાદ તે ઘણા સમય સુધી સમાજના ટ્રસ્ટી રહેલ હતા અને તે બાદ ઘણા વષો સુધી કાયમી કેન્દ્રીય સમાજની કારોબારીમાં સતપંથ સમાજના ભાઈઓને સમાવવામાં આવેલા છે જે મેં પણ અંગીયાના ભાણજી રામજીને ઘણી વખત કારોબારી સભ્ય તરીકે સાંભળયા છે જે હું આ સતપંથી ભાઈઓની વાત કરુ છુ તે અગ્નિ સંસ્કાર પણ કરતા ન હતા તો આપણે કઈરીતે કહી શકીએ કે આ સનાતની સમાજ શરૂઆતથી સનાતનીઓ માટે જ છે ?

માત્ર અગ્નિસંસ્કાર કરવાથી કોઈ હિન્દુ નથી બની જતો. **આ વાત ખાસ યાદ રાખજો.**

હું યુવક સંઘમાં ૧૯૮૭ થી સક્રિય હતો શરૂઆતની બે ટમ ૧૯૮૭ થી ૧૯૯૩ સુધી મંત્રી તરીકે હતો ૧૯૯૩ થી ૧૯૯૬ મહામંત્રી હતો અને ૧૯૯૬–૧૯૯૭ માં પ્રમુખ હતો હું મંત્રીપદમાં હતો ત્યારે બે ટમ મહામંત્રી તરીકે અબજીભાઈ કાનાણી હતા અબજીભાઈ ૧૯૮૪ થી ૧૯૯૩ સુધી ૩ ટમ મહામંત્રી હતા તેમની પહેલી ટમ માં કામગીરી બિલકુલ ઝીરો હતી તેમની મહામંત્રીની બીજીટમ માં મને જબરજસ્તી મંત્રી તરીકે લીધો જે હુ મારા ધંધાકીય વ્યવસાયના હિસાબે આ કામ કરી શકુ તેમ ન હતો પરંતુ બીજા કોઈ જવાબદારી લેવા તૈયાર ન હતા એટલે અબજીભાઈએ મને જબરજસ્તી મંત્રી તરીકે જવાબદારી સોંપી જે અબજીભાઈ સારી રીતે જાણે છે હું મંત્રીમાં આવ્યો તે બાદ વિદ્યાનગર હોસ્ટેલ, ભારતીય લેવલે સરસ્વતી સન્માન વિગેરે કાય કરવાની શરૂઆત થઈ. હું મંત્રી હતો ત્યારે મહામંત્રી અબજીભાઈ હતા પરંતુ પત્ર વ્યવહારની સમગ્ર કામગીરી હું જ સંભાળતો હતો. ભારતીય લેવલે સરસ્વતી સન્માન યુવકસંઘ ધ્વારા ચાલુ કરેલ તેની જાણકારી ભારતભરના યુવકમંડળને પત્ર ધ્વારા જ આપવી પડતી તે હું જ બધુ સંભાળતો તે વખતે બધુ કામ મેન્યુઅલી જ કરવું પડતુ અત્યાર જેવી મીડીયાની કોઈ સગવડ ન હતી રાતો જાગીને આ કામ કરેલ છે જો કે અબજીભાઈ તરફથી માગ દશ ન મળતુ રહેતુ આ બધુ મેં મંત્રી તરીકેની બે ટમ અને મહામંત્રી તરીકેની એક ટમ અને પ્રમુખ તરીકેની અડધી ટમ આ કાય વાહી મેં જ કરી છે (મારા કુટુંબીય અને ધંધાકીય કારણોસર પ્રમુખ તરીકે અધવચ્ચેથી રાજીનામું આપવુ પડેલ) અબજીભાઈ મહામંત્રીના હોદા પર હતા તેમજ ડો. પ્રેમજીભાઈ ગોગારી પ્રમુખ હતા (ત્યારે હું મહામંત્રી હતો) તેઓના હોદાની જે કામગીરી આ બન્ને મહાનુભવોના નામે બોલે છે તેમાં મારો મોટો હિસ્સો રહેલો છે

એમના કહેવા પ્રમાણે યુવસંઘમાં દેવશંકરભાઈ પત્ર વ્યવહાર સાંભળતા. એ સારુ.. પણ શું માત્ર પત્ર વ્યવહાર જેવા નાના કામથી તો યુવસંઘ ચાલી શકે?

બાકીના મહત્વના કામ કોણ કરતું હતું?.. દેવશંકરભાઈ તો કરતા નહોતા.. સ્વાભાવિક છે કે મહામંત્રી કરતા હતા.

દેવશંકરભાઈ દ્વારા વાત અહીં મૂકવાનો ઢબ લોકોને ભ્રમિત કરવાનો છે, એવું દેખાઈ આવે છે.

દેવશંકરભાઈ શબ્દોની રમત ન રમો.. અબજીભાઈ નહીં, પણ યુવાસંઘની કામગીરી ઝેરો હતી.. વાસ્તવમાં તે સમયે એક થેલીમી સમેટાઈ ગયેલું યુવાસંઘને કોલકત્તા થી કચ્છમાં લાવી, એને પુનઃ જીવનદાન તો અબજીભાઈએ આપેલ છે, એ વાત સર્વ જાણે છે. એટલજે ત્રણ-ત્રણ ટર્મ સુધી મહામંત્રી રહ્યા હતા.

અને તમે પણ સમાજ માટે અબજીભાઈને દેન છો.. જેણે તમે આજે કટ્રવાદી કહી ઉતારી પાડવાની કોશિશ કરો છો.

વિચાર કરજો.. દેવશંકરભાઈ પોતાને બુદ્ધિશાળીમાં ગણાવે છે અને સામાન્ય પત્ર વ્યવહાર માટે માર્ગદર્શનની અપેક્ષા રાખે છે.. .. પોતે વિચારજો..

રાજીનામું આપવાનું કારણ __________ તો કઇંક જુદું જ સંભળાય છે.. એમને રાજીનામું આપી દીધું પછી પણ યુવસંઘ ચાલે છે ને.. અને તમે ચલાવતા હતા એના કરતાં તો બહુજ ઘણું સારું ચાલે છે.

જેણે ખરેખર સારું કામ કર્યું હોય એમને સમાજ જશ આપે જ છે.

...૩...

અધિવેશનમાં એમની અપેક્ષા મુજબ દેવશંકરભાઈને ગમતું સન્માન નથી મળ્યું એની બળતરા હોય એવું દેખાય છે.

દેવશંકરભાઈ એ કદાચ સારાં કામ કર્યાં હશે પણ એમનાથી વધારે સારાં કામ કરનારને વધુ મહત્વ મળે એ સર્વ સામાન્ય નિયમ છે. એમાં ખોટું લગાડવા જેવં કઈં નથી.

Link: https://www.realpatidar.com/a/series97



તેમ છતાં અત્યારે છેલ્લા અધિવેશન (૨૦૨૩) વખતે જે યુવા સંઘના શેસનમાં ભુતપૂવ મહામંત્રીઓ અને પ્રમુખોનું સન્માન થયેલ તેની અંદર આ બનેં મહાનુભવોએ પોતાના સન્માનના પ્રતિ ઉતરમાં મારા માટે એક લીટીનો પણ ઉલ્લેખ કરેલ નહીં કે અમારા હોદાની કામગીરીમાં દેવશંકરનો ભોગ ઘણો બધો છે અને પ્રતિઉતર આપવા માટે આયોજકો ધ્વારા મને કહેવામાં પણ ન આવ્યું કારણ કે આ અધિવેશન (૨૦૨૩) થી પહેલા સમાજની સામાન્ય સભાના ઓપન સેશનમાં હું સતપંથ–સનાતન બાબતે અને સતપંથીઓ માટે તા.૧૪/૦૫/૨૩ પછી દરવાજા બંધ. એ બાબતેની થોડી છણાવટ કરવાની મારી ઈચ્છા હતી હું બોલવાની શરૂઆત કરુ તે સાથે જ મને એવું જોહુકમીથી કહેવામાં આવ્યુ કે હવે આ બાબતે કોઈ ચચા  જ નહીં. એટલે આના પછી આ બધા હોદેદારો (યુવાસંઘ તેમજ કેન્દ્રીય સમાજના) ની મારા પ્રત્યે જોવાની દ્રષ્ટિ બદલાઈ ગયેલ હતી એટલે અધિવેશન (૨૦૨૩) વખતે મને મારા સન્માનના પ્રતિ ઉતર માટે કહેવામાં પણ ન આવ્યું અને હું મારી રીતે સામેથી પ્રતિ ઉતર આપવા માંગતો ન હતો મને કદાચ પ્રતિ ઉતર આપવા માટે કહેવામાં આવેલ હોત તો પણ મારા સ્વભાવ મુજબ માહોલ બગડે એવું તો ન જ બોલત.

વધારામાં હું મંત્રી હતો ત્યારે સમાજના આદ્યસુધારક શ્રી નારાયણજી રામજી લીંબાણી વિરાણીવાળાની પ્રતિમા આપણા વિદ્યાથી ભવન નખત્રાણા ખાતે ૧૯૯૩ ના અધિવેશન વખતે અનાવરણ કરવાનું સમાજે નકકી કરેલ તેનો સતપંથ સમાજ તરફથી ઉગ્ર વિરોધ કરેલ હતો. સમાજની ૧૯૬૦ ના વિધિસર રચના કરેલ ત્યારે સતપંથ સમાજના ભાઈઓને કોઈપણ શરત રાખ્યા વગર આજીવન (૨૦૧૦ સુધી) સભ્યો બનાવવામાં આવેલા. વિદ્યાથી ભવનના નિમા ણમાં સતપંથના ભાઈઓ પાસેથી તેમજ સતપંથ સમાજો પાસેથી ફંડ પણ લેવામાં આવેલ જેથી સતપંથના ભાઈઓનો વિરોધ હતો કે આ વિદ્યાથી  ભવનમાં અમારા સતપંથ સમાજના છોકરા પણ રહે છે નારાયણજી રામજી એ સતપંથનો વિરોધ કરેલો એટલે અમારા છોકરાઓ નારાયણજી રામજીની પ્રતિમા જોઈને તેમના મનમાં શું શું થાય ? એ તમો વિચારી જુઓ એટલે નારાયણજી રામજીની પ્રતિમા આ સંકુલમાં રાખવાને રદલે બીજી કોઈ જગ્યાએ રાખો વિવાદ બહુ જ વધતો ગયો દરરોજ દૈનિક પેપરોમાં એકબીજા સમાજ વિરૂધ્ધના લખાણો છાપવામાં આવતા હતા એટલે સમાજની અધિવેશન માટેની મુખ્ય આયોજન  સમિતી અને એટલાજ સતપંથના ભાઈઓ સાથે બેઠક યોજાય અને સમાધાન માટે ચચા  થાય તે માટે બે બેઠકો યોજાઈ તેમછતાં સમાધાન થઈ શકેલ નહી.

...૪...

આ વાત તદ્દન ખોટી રીતે મુકેલ છે. સામાન્ય સભામાં એમને સૌથી વધારે સમય લીધો હતો. છોકરાંને સારા સંસ્કારો આપવાનું મહત્વ ઉપર ખૂબ લાંબી લાંબી વાતો કરી હતી. એમણે એમના અંગત પરિવારના સભ્યોની વાતો કરી. અને એમની 4 દીકરીઓ CA અને 4 જમાઈઓ CA છે એ બાબતે લાંબી વાતો કરી.. ત્યાર બાદ એમનો દીકરો ખૂબ સંસ્કારી છે અને એમનું ખૂબ ધ્યાન રાખે છે.. આવી રીતે પોતાના સ્વમુખે પોતાના પરિવારના વખાણ કરતા રહ્યા.

એમના સુખી પરિવારનો આધાર સારા સંસ્કારો છે એવી વાતો ફરીફરીને કહતા રહ્યા. એમના પરિવારની અંદરની વાતો જાણતા લોકોનો હાવભાવ બદલવા લાગ્યો અને ધીરે ધીરે લોકો કંટાળવા પણ લાગ્યા.. સભામાં લોકો અસમંજસમાં પડ્યા કે આ અત્યારે શા માટે બોલી રહ્યા છે?

ત્યારે દેવશંકરભાઈ જ્ઞાતિ રીત રિવાજોની કલમ 18 અને 19ની વાતો ઉપાડી. એમને કહ્યું કે સતપંથીઓ કલમ 18 અને 19 પાળે તો પછી આપણે શું વાંધો છે?

ત્યારે સભામાં બેઠેલા લોકો (સંચાલકો નહીં) ઊભા થયા અને સંચાલકોને કહ્યું કે આ બધી વાતો કહેવાનું અત્યારે શું કામ? આ બધી વાતો ઊંઝાના ચુકાદા પછી બોલાવેલ વિશેષ સભામાં થઈ ગઈ છે અને હવે સતપંથીઓ જ્યાં સુધી સંપૂર્ણ રીતે ઇસ્લામી બીજ છોડી ન દે અને પાકા સનાતની ન બને, ત્યાં સુધી એમને સનાતન સમાજમાં લેવાના નથી એ નક્કી થઈ ચૂક્યું છે.

આ વાતનું અનુમોદન સભામાં ઘણા લોકો એ કર્યું એટલે દેવશંકરભાઈની વાતો ઊડી ગઈ.

નોંધ: અહીં નારાયણ રામજીનો વિરોધ સતપંથીઓ કરે છે.. એવું ખુદ દેવશંકરભાઈ જણાવે છે..

આ વાતની ખાસ નોંધ લેશો કારણ કે આ પત્રમાં આગળ તમે જોશો કે દેવશંકરભાઈ કેવી રીતે જૂઠ ફેલાવે છે કે.. નારાયણ રામજીનો સતપંથીઓએ કોઈ દિવસ વિરોધ કરેલ નથી.

Link: https://www.realpatidar.com/a/series97

અહીં દેવશંકરભાઈએ એક વાતતો જણાવી જ નથી. એ વાત એવી છે કે દેવશંકરભાઈ અને અબજીભાઈ બન્ને સતપંથી સાથે નારાયણ બાપાની પ્રતિમાનો વિરોધ ન કરવા બાબતે સમજૂતી કરવા સતપંથના તે સમયના મંત્રી શ્રી અરજણ શામજી ભગત ગામ આણંદસર (દેશલપર)ને મળવા ગયા. નારાયણ રામજી વગરેને લઈને આવી બધી વાતો કરી. આ સતપંથી અરજણભાઈએ આમની બધીજ વાતો સ્વીકારતા ગયા કે જાણે કે ખરેખર સમાધાન થઈ ગયું. પણ બીજા જ દિવસે કચ્છ મિત્ર પેપરમાં સતપંથ સમાજ તરફથી મૂર્તિનો વિરોધ કરતું લખાણ પ્રકાશિત થઈ જેમાં આપનાર બીજું કોઈ નહીં પણ સતપંથ સમાજના મંત્રી અરજણભાઈ ભગતનું નામ નીચે હતું.

આ વાતથી તમે સમજી ગયા હશો કે સતપંથીઓ સાથે કોઈ સમાધાન થયેલ જ નહોતું.. સનાતન સમાજના અનુભવ આધારે કહીએ તો સતપંથીઓની આદત પ્રમાણે બોલીને ફરી ગયા.



આના માટે સતપંથ સમાજ ધ્વારા ગાંધીનગરથી સ્ટે લઈ આવવાની તજવીજ કરવામાં આવેલ બહુ મોટાપાયે વિવાદ થયેલો તે સમયે મેં એક લેખ લખેલો કે ''નારાયણજી રામજીની પ્રતિમાનો વિરોધ શા માટે ?'' જે મેં સતપંથ પિરાણાની પોલ અને કત વ્યપંથે માંથી અવતરણો લઈને તૈયાર કરી પાટીદાર સંદેશમાં મોકલાવેલ હતો જે પાટીદાર સંદેશ અધિવેશન પહેલા છપાયેલ ન હતું પરંતુ પ્રેમજી ભાણજી કેશરાણીને ખબર હતી એટલે મને ખાસ આગ્રહ કરી સમાધાન માટે કોશીષ કરવા આગ્રહ કરેલ જેથી અમો બનેં મુખ્ય આયોજન સમિતીના સભ્યોને મળયા અને અમો સમાધાન માટે પ્રયત્ન કરીએ? એવુ પુંછયુ એટલે કહેલ કે હા–હા કરો કરો એવા મશ્કરીના ભાવ સાથે કહયું પ્રેમજી ભાણજીને સતપંથ ભાઈઓ સાથે તેમના કામધંધાના હિસાબે પરીચય હતો અને મેં જે લેખ તૈયાર કરેલ હતો તે સમગ્ર વિગતો મગજમાં હતી. એટલે અમો બનેં બે દિવસ ફરીને સતપંથના અગ્રેસર ભાઈઓ સાથે (ખાસ માંડવી બાજુના) ઘણા ભાઈઓ સાથે ફરીને ચચા ઓ કરી છેલ્લે લુડવા ખાતે ભેગા થઈ અમો એ બાબતે એમને સમજાવી શકયા કે નારાયણજી રામજીએ જે બાબતોનો સતપંથ સમાજનો વિરોધ કરેલ હતો તે મેં ગણતરીથી આઠ બાબતોનો ઉલ્લેખ કરેલ. તેમાંથી છ બાબતોનો તમોએ (સતપંથ સમાજે) સ્વીકારી લીધી છે તો તે શા માટે ? એ દ્રષ્ટિએ તમો નારાયણજી રામજીના હિતેચ્છુ છો કે વિરોધી ? અને બીજી બાબત ખાસ એ સમજાવી શકયા કે નારાયણજી રામજીએ આ ઝુંબેશ ન ઉપાડી હોતતો આપણે બધા મુસલમાન હોત કે નહી ? એવો પ્રશ્ન કરેલ એ બાબતે એ સહમત થયા અને સમાધાન માટે તૈયાર થયેલ છેલ્લે લુડવા મુકામે એક ચાર મુદા લેખિતમાં તૈયાર કરેલ કારણ કે અધિવેશનને ફકત અઠવાડીયુ જ બાકી હતુ એટલે હવે નવેસરથી ચચા માટેનો સમય ન હતો મુદા આ નીચે મુજબ હતા. ૧. નારાયણજી રામજી ની પ્રતિમા સામે અમારો કોઈ વિરોધ નથી ૨. અત્યારે જયાં જયાં (જે ગામોમાં) સતપંથ સનાતન ના વિવાદો ચાલે છે તેમાં કેન્દ્રીય સમાજ મધ્યસ્થી કરી સમાધાન કરાવે ૩. આજ પછી એક બીજા સમાજોની વિરૂધ્ધના લખાણો દૈનિક પેપરમાં છપાવવા ન જોઈએ. ૪. આજ પછી બન્ને સમાજ એકબીજા વિરોધી ઉશ્કરેણીજનક વાતો કરવી નહી.

ઉપર લખ્યા મુજબ ચાર મુદા લેખિતમાં લઈ આવીને સતપંથ સમાજના અગેવાનોને અંગીયા બેસાડીને અમો નખત્રાણા આવેલ (સમય લગભગ સાંજના ૫ વાગ્યા આસપાસ) અને પ્રમુખશ્રી (પ્રેમજી પુંજા વાસાણી વિથોણ વાળા) એ મુખ્ય આયોજન સમિતીના સભ્યો સાથે અરજન્ટ મીટીંગ બોલાવી ચચા કરેલ (અધિવેશનની

મૂર્તિનો વિરોધ ન કરવા માટે સમાધાન કરવાનું કહેલ હતું.. તો પછી અહીં બીજા મુદ્દાઓ પર સમાધાન કરવાનું એમણે કોણે કહેલ ?

પોતાના હિસાબે વધારાની વાતો કરી આવ્યા.. જે સમાધાનની mandate ની બહારની વાતો કહેવાય.

...૫...

ઉપર પેજ 4માં જણાવ્યા પ્રમાણે સતપંથીઓ સાથે માત્ર ચર્ચા થયેલ કોઈ કારગર સમાધાન થયું જ નહોતું.

જો સમાધાન થયું હોત, તો નારાયણ રામજીની મૂર્તિનું અનાવરણ વહેલી સવારે (નિયત સમયથી પહેલાં) ન કરત. To Confirm. જેથી સતપંથીઓને વિરોધ કરવાનો અવસર જ ન મળે.

આવા આગેવાનો, જેમને કટ્ટરવાદી તરીકે કહેવામાં આવે છે, તેઓ સતપંથીઓની રમત ઓળખી ગયા એટલે સમાજને બચાવે છે. સમાજ હિતમાં આવા લોકોને સહયોગ આપવો જોઈએ

જે સમાધાનની વાત કરે છે એ સમાધાન તો થયું જ નથી. અહીં ખોટી વાતો કરી ખોટો જશ લે છે.

આ સાબિત કરે છે કે વાસ્તવમાં સમાધાન થયું જ નથી. અહીં તો અબજીભાઈ નહોતા.. પ્રેમજી પૂંજા જેવા મધ્યમ માર્ગી હતા સાથે એમની પૂરી ટીમ હતી.. બધા તો ખોટું ન બોલે.. અને જો સાચું હોત તો છેવટે સમાચાર પત્રોમાં પણ આવત ને..

સતપંથી જે હાલતે ચાલતે પગમાં નાનો પાણો લાગી જાય તો પણ પેપરમાં પ્રકાશિત કરાવે.. અહીં પેપરમાં પણ કઈં નથી આવ્યું.

આ કેટલું હળાહળ જૂઠ છે. સમસ્ત જ્ઞાતિ જાણે છે કે સતપંથીઓ નારાયણ રામજીનું હમેશાં વિરોધ કરતા રહ્યા છે.. નારાયણ રામજીને બદનામ કરતા ખોટા પેમ્ફલેટ વગેરે ખૂબ પ્રકાશિત કરેલ છે.

આવી વાતો કરીને સતપંથીઓને છવારવાનું કૃત્ય કર્યું છે જે સનાતનીઓની લાગણીઓ દુભાવવાનું કામ છે.. અક્ષમ્ય છે.

અહીં બેવડી નીતિ / Double Standards દેખાય છે. અહીં બહુમતી (૧-૨ લોકો સિવાય) લોકોની વાત એમને ગમી એટલે એ પાળવું જોઈએ.. પણ હાલ અધિવેશનમાં સર્વાનુમતે મોટી સંખ્યામાં સતપંથ વિરુદ્ધ લોકોએ ઠરાવો કર્યા છે ત્યારે કેમ એમની વાત ગમતી નથી અને ઠરાવ ન પાળવા જોઈએ એવી વાતો કરે છે?

(૫)

તૈયારી ચાલતી હતી એટલે બધા તે વખતે હાજર હતા) અને તે રાત્રે સતપંથના આગેવાનો ને અંગીયાથી નખત્રાણા બોલાવી સમાધાન કરાવેલ. આ સમાધાન કરતી વખતે સતપંથના ભાઈઓનો આગ્રહ (વિનંતી) હતો કે આ જે ચાર મુદા મુજબ સમાધાન કરીએ છીએ તેનુ એક લખાણ કરીએ અને બન્ને પક્ષના આગેવાનો સહી કરે જેથી અમો અમારા બીજા ભાઈઓને જણાવી શકીએ અહીં અમો તો ફકત ૧૦–૧૨ જણ આવેલા છીએ પરંતુ આપણા આગેવાનોમાં ફકત ૧–૨ જણાનો હઠાગ્રહ હતો કે આનું લખાણ થશે નહી.

આ ચાર મુદા તમો જ્ઞાતીજનોએ ઉપર જણાવ્યા મુજબ વાંચ્યા તેનું લખાણ કરવામાં શું વાંધો હોઈ શકે ? આ રીતે એક બે આગેવાનોના હઠાગ્રહથી વિવાદો વધતા ગયા છે અને તે આખી સમાજમાં છવાઈ જતા હતા. બીજી બાજુ આપણે સતપંથ સમાજને કહીએ છીએ કે હંમેશા સતપંથીઓ જ વાંધા કરે છે.

અધિવેશન બહુ જ સારા માહોલમાં થયેલ વિવાદ એટલો બધો હતો કે ભારતભર માંથી ઘણી મોટી સંખ્યામાં જ્ઞાતીજનો આવી ગયેલ હતા તે બધાને નવાઈ લાગેલ કે આ સમાધાન કયારે અને કેમ થયુ ? ત્યારના આગેવાનોએ આ બાબતે કોઈપણ જાતનો અધિવેશન દરમ્યાન ખુલાસો કરેલ નહી આ ચાર મુદાની પણ છણાંવટ કરી નહી કે આ ચાર મુદા ઉપર સમાધાન થયેલ છે અમારા બે જણાના નામનો જરા પણ ઉલ્લેખ કરવામાં આવ્યો નહી અને આ ચાર મુદાને અભેરાઈએ ચડાવી દેવામાં આવેલ તે વખતે મારી ઉંમર ૩૯ વષ અને પ્રેમજીની ઉંમર ફકત ૨૭ વષ આસપાસની હતી તેથી કદાચ નાનપ લાગી હોય કે જે કામ સમાજના આગેવાન વડીલો બે મીટીંગ કરવા છતાં સમાધાન ન લાવી શકયા તે આ બે છોકરા બે દિવસમાં લાવી શકયા આ સમાધાન બાદ (અત્યારે જેને ૩૧ વષ થયા) આજ સુધી સતપંથ સમાજના કોઈપણ આગેવાનોએ નારાયણજી રામજીનો વિરોધ કરેલ નથી. કદાચ આ સમાધાનના મુદાઓ ઉપર કેન્દ્રીય સમાજે ગંભીરતાથી અમલ કરાવ્યો હોત તો તેનું પરીણામ આજે અલગ હોત એવું હું માનુ છું અધિવેશન વખતે આ સમાધાનના મુદા બાબતે કોઈ જાણકારી જ્ઞાતિજનોને આપવામાં આવી નહી અને પાટીદાર સંદેશમાં જે મારો લેખ છાપવા માટે આપેલ હતો તે સતપંથ સમાજને ઉદેશીને લખેલ હતો તે વચ્ચેનું આખું પાનું હતુ (પુરા બે પેજ) જે પાનાની હજારો કોપીઓ પાટીદાર સંદેશ દ્વારા અધિવેશનમાં આવેલ જ્ઞાતિજનોને વેચવામાં આવેલ હતી એટલે જ્ઞાતિજનોમાં સતપંથ સમાજ પ્રત્યે અંદરનો આક્રોશ રહી ગયેલ આ કારણે

અહીં સતપંથીઓની રમત સમજવામાં દેવશંકરભાઈ એવા કાચા પડે છે.. એના દર્શન થાય છે.

આવા લખાણથી કેન્દ્રીય સમાજને બાંધવામાં આવે છે.. જ્યારે સતપંથ સમાજના તો ફક્ત ૧૦-૧૨ જણાં બંધાય. જેથી સમાધાનમાં મજા ના આવે તો સતપંથ સમાજ હાથ ઊંચા કરી નાખે.

વિવાદમાં આવી છટકબારી કોઈ પણ પક્ષને ન આપય.

જ્યારે પણ સમાધાનની વાતો થાય, ત્યારે સતપંથીઓ બધુંજ કબૂલ કરતા આવે.. પણ છેલ્લે એમ કહીને ઉઠી જાય કે અમને પીરાણાવાળાઓને પૂછવું પડશે.

આ અનુભવ સનાતનીઓને લગભગ દરેક ગામો અને કેન્દ્ર સમાજમાં થયેલ છે.

જો ખરેખર સતપંથ સમાજને ઉદ્દેશીને લખેલ હતો, તો પછી સનાતનીઓ સાચા છે એ તમે prove / સાબિત કર્યું.. સતપંથીઓ ખોટી રીતે નારાયણ રામજીનો વિરોધ કરતા હતા..

વર્ષ ૨૦૧૦થી પહેલાંની આ વાત છે.. પણ આ વાત સાચી છે.. (જે આગળ પોતે જણાવે છે) તો પછી એના બાબતે ચર્ચા કરવાથી શું ગુનો કર્યો? આ સનાતન હિન્દુ વિચારધારાના સમર્થનની વાત છે.

કોઈ માણસ ખોટું કરતો હોય તો તેને રોકવા માટે કહ્યું એ અપરાધ ન હોઈ શકે. તમારે પ્રોત્સાહન આપવું જોઈએ. એના બદલે સનાતનીઓને ખોટા ચિત્રો છો.

Link: https://www.realpatidar.com/a/series97



આ જાહેરાત તદ્દન જુઠ્ઠી છે એ કેમ નથી જણાવતા અહીં?

તે બાદ સમાધાન થયેલ હોવા છતા એકબીજાની વિરૂધ્ધની વાતો થવા લાગી. મુંબઈની એક સભામાં સનાતન સમાજ ધ્વારા અગ્નિ સંસ્કાર બાબતે જાહેરમાં ચચા  કરી સતપંથ વિરૂધ્ધ વાતો થઈ જેથી સતપંથના ભાઈઓએ જાહેરાતના પૈસા ખચી  પાટીદાર સંદેશમાં જાહેરાત (આખા પાનાની)આપી કે અથ વવેદ માં આ ફલાણા મંત્ર મુજબ ભુમિદાહ છે અને અમુક યુગો સતયુગ, ત્રેતાયુગ, ધ્વાપરયુથ, કલયુગ વગેરે દાખલા આપેલ કેન્દ્રીય સમાજ અને લક્ષ્મીનારાયણ ધમ પ્રચાર સમિતી સામે પડકાર ફેંકેલ હતો આ ૧૯૯૬ની વાત છે ત્યારે હજુ લક્ષ્મીનારાયણ કેન્દ્ર સ્થાનનો પાયો નખાયેલ ન હતો પરંતુ આપણી સમાજ તરફથી કોઈ જવાબ ન આવવાથી ત્યારબાદ પાટીદાર સૌરભમાં એજ જાહેરાત આપેલ છતાં આપણી સમાજ તરફથી કોઈ પ્રતિક્રિયા આવેલ નહી એટલે સતપંથના ભાઈઓએ કચ્છમિત્ર જાહેર દૈનિક પેપરમાં આ જ બાબતની જાહેરાત આપવામાં આવી છતા આપણી કેન્દ્રીય સમાજ કે લક્ષ્મીનારાયણ ધમ પ્રચાર સમિતી તરફથી કોઈપણ જવાબ આપવામાં આવેલ નહી. થોડા દિવસો રાહ જોયા પછી મને થયુ કે આવા જાહેર પેપરમાં જો વેદ નો સહારો લઈને જાહેરાત આપવામાં આવે અને આપણે કોઈ જવાબ ન આપીએ તો જે બાબત સતપંથના ભાઈઓએ જે જાહેરાત આપેલ છે તે સત્ય છે તેવું સાબિત થાય કે વેદમાં ભુમિદાહ છે તે વખતે ગાંધીધામ આય  સમાજ સક્રિય હતી અને એમના તે વખતે પરસોતમભાઈ નાકરાણી (મુળ નેત્રાના) આપણા જ ભાઈ પ્રમુખ હતા (તે પછી આપણી ગાંધીધામ સમાજના પણ પ્રમુખ હતા) મેં તેમને આ બાબતે ફોન ઉપર વાત કરી તો એમને પણ કહેલ કે મને પણ થતું હતુ કે આનો જવાબ અવશ્ય આપવો જોઈએ એમને અમદાવાદથી વેદ ના જાણકાર પંડિતજીને ગાંધીધામ બોલાવી જવાબ તૈયાર કરાવ્યો અને તે લેખિતમાં જવાબ લઈને નખત્રાણા આવેલા એ વખતે લક્ષ્મીનારાયણ ધમ પ્રચાર સમિતીના ધમ ગુરૂ તરીકે વિરાણીના શાંતિદાસજી હતા અને ગામડે ગામડે લક્ષ્મીનારાયણના ધમ પ્રચાર માટે સભાઓ ભરતા હતા એટલે અમોએ એમની પાસે મળવાનો ટાઈમ લઈને વિરાણી રૂબરૂ મળવા ગયેલ અને કચ્છમિત્રમાં આવેલ સતપંથ સમાજની જાહેરાત બાબતે વાત કરી અને તે બાબતે અમોએ જણાવેલ અગ્નિ સંસ્કાર બાબતે વેદનો સહારો લઈ અમોએ આ જવાબ તૈયાર કરાવેલ છે તે આપ વાંચી જાઓ અને સતપંથ સમાજ તરફથી લક્ષ્મીનારાયણ ધમ પ્રચાર સમિતી સામે પડકાર કરેલ છે તો તેનો જવાબ લક્ષ્મીનારાયણ ધમ પ્રચાર સમિતી ધ્વારા આવવો જોઈએ તે પણ કચ્છમિત્રમાં અને આ માટે કોઈ મળાગાંઠ ઉભી થશે તો અમો તમારા પડખે ઉભા

અંતે તમે (દેવશંકરભાઈ) સતપંથીઓને મનાવી તો નથી શક્યા ને.. તમે પોતાને બુદ્ધિશાળી અને લાંબો વિચાર કરનાર વ્યક્તિઓમાં ગણવો છો..

તમારી વાતો પ્રમાણે તમને ઘણા લોકોએ સાથ પણ આપેલ.. તો પછી સતપંથીઓને સાચી વાત સમજાવવા કેમ નિષ્ફળ થયા?

તમે અને આર્ય સમાજ ખોટા છે એવું પીરાણાના કરસન કાકા એ સમાચાર પત્રોમાં જાહેર કર્યું હતું..

હું પણ માનું છું કે તમે આ બાબતે સાચા છો.. પણ વાત અહીં એ કહેવી છે કે શું સતપંથીઓને સાચી વાત સમજવી છે? જો હા તો તમારી વાત સ્વીકારી લીધી હોત.

પણ વાસ્તવમાં સતપંથીઓને પોતાની ખોટી વાતોને આપણે (સનાતનીઓ) સ્વીકારીએ એવી રમતો કરે .. જેના લીધે મૂળમાં જગડાઓ થાય છે.. આ સતપંથ સમસ્યાનું મૂળ બીજ છે.

રહેશુ એની ખાત્રી આપીએ છીએ. પરંતુ શાંતિદાસજી આ લખાણ વાંચી અને અમારી વાત સાંભળીને એવું કહેલ કે હું આવા વિવાદોમાં પડવા માંગતો નથી આ જવાબ સાંભળી અમો બિજા કોઈને મળવાનું યોગ્ય લાગ્યુ નહી એટલે અમોએ આ જવાબ કચ્છમિત્રમાં જાહેરાતરૂપે ગાંધીધામ આય  સમાજ તરફથી આપેલ આમા અમારા બેની સાથે પ્રેમજી ભાણજી કેશરાણી અને ગાંધીધામના જ ડો. પ્રેમજીભાઈ ગોગારીને સાથે લીધેલ હતા અમો ચાર જણાએ ગાંધીધામ આય  સમાજને ભેટ તરીકે રકમ આપી અને ગાંધીધામ આય  સમાજે કચ્છમિત્રનું બિલ ભરેલ અને પંડિતજીને અમદાવાદથી આવવા જવાનો ખચ  તેમજ દક્ષિણા આપેલ.

આ કચ્છમિત્રની વધારાની ૨૦૦ કોપી મેં મારા ખચ` નખત્રાણા મંગાવીને કાદીયામાં તે વખતે સતપંથ સમાજ તરફથી કથાનું આયોજન ચાલતુ હતુ તેમાં નખત્રાણા થી બે છોકરાને મોકલીને કથામાં આવેલ સતપંથી ભાઈઓમાં વહેચેલ. જેથી મને સતપંથના અમુક ભાઈઓ તરફથી તે વખતે નનામા પત્ર ધ્વારા ખુનની ધમકી પણ આપવામાં આવેલ હતી. ઉપરોકત હકિકત વિશે અબજીભાઈ આપણા ભુતપૂવ  પ્રમુખ તેમજ ડો. પ્રેમજીભાઈ ગોગારીને ખબર છે અને સતપંથ સાથેના ઉપરોકત બે બનાવો બાબતે હિંમતભાઈ ખેતાણીને પણ ખબર છે એવા બીજા પણ હશે જેમને આ ખબર છે. નારાયણજી રામજી ની પ્રતિમાના વિરોધ માટેનુ સમાધાન મેં અને પ્રેમજી કેશરાણીએ કરાવેલ એ ઘણાને ખબર હશે જ પરંતુ એ સમાધાનમાં ચાર મુદાની વાત છે તે વિશે તે વખતના અધિવેશનના મુખ્ય આયોજન સમિતીના સભ્યોને જ ખબર છે કદાચ મુખ્ય આયોજન સમિતીમાં અબજીભાઈ કે ડો. પ્રેમજીભાઈ ન હતા યુવકસંઘ તરફથી તે વખતના યુવક સંઘના પ્રમુખ ગંગારામ સાંખલા હતા મારા ધ્યાનમાં છે ત્યા સુધી એ મુખ્ય આયોજન સમિતીના સભ્યોમાંથી વાલજી કેશરા નાકરાણી મોરબી (સાંયરા વાળા) અત્યારે હયાત છે ઉપરોકત હકિકતો જેવી કે યુવકસંઘમાં જવાબદારી પૂવ કના હોદા (લગભગ ૧૦ વષ ) હોદા સંભાળેલ અને ઉપરોકત બે સતપંથ વિશે મોટી બાબતો ઘણી શકાય તેનું સમાધાન વ્યકિતગત રસ લઈને કરેલ હોવા છતાં જયારે છેલ્લા અધિવેશન (૨૦૨૩) થી પહેલા જે કેન્દ્રીય સમાજની સામાન્ય સભા મળેલી તેની અંદર આ સતપંથીઓ માટે તા.૧૪/૦૫/૨૦૨૩ છેલ્લી તારીખ છે તે પછી દરવાજા બંધ. આ બાબતે મારે થોડી છણાંવટ કરવાની ઈચ્છા હતી પરંતુ મને એવુ કહેવામાં આવેલ કે આ બાબતે કોઈ ચચા  નહી, આવો અગત્યનો નિણ ય લેવાતો હોય ત્યારે જો હુકમીથી કોઈ વાત જ સાંભળવામાં ન આવે

...૮...

આના વિષે કોઈ ટિપ્પણી કેમ નથી..
વિચાર તો કરો.. કે તમારી સાચી વાત કહી.. એકદમ સૌમ્ય રીતે કહી.. જાણકાર અને વિદ્વાન પંડિતોના મધ્યમથી કહી.. તો પણ તમને ખૂનની ધમકી આપી..

કારણ કે સતપંથની સચ્ચાઈ (એટલે કે જૂઠ) તમે બહાર પાડ્યું.

શું આવા લોકો સાથે તમે રહી શકો? કોણ જાણે ક્યાંકથી કોઈક આવે અને તમારા પર હુમલો કરે તો શું થાય?

આનાથી સાબિત થાય છે કે સતપંથી છેલ્લી પાયરીમાં ઉતરી જાય છે.. આ લગભગ દરેક ગામોના સનાતની આગેવાનો સાથે થયું છે..

માટે સતપંથી તરીકે સમાજમાં રાખવા લાયક નથી, એવી લોકો માને છે. (તમારા જેવા મુઠ્ઠીભર લોકો સિવાય).

આ વાત તદ્દન ખોટી રીતે મુકેલ છે.. સામાન્ય સભામાં એમને સૌથી વધારે સમય લીધો હતો. એમના સમયમાં એમણે છોકરાંને સારા સંસ્કારો આપવના મહત્વ ઉપર લાંબી લાંબી વાતો કરી હતી. અને આવી ડાહી ડાહી વાતોની આડમાં સભાને ઠરાવ નં 18 અને 19 બાબતે ગેરમાર્ગે દોરવાનો પ્રયત્ન કરેલ હતો.. વધુ વિગત માટે જુઓ પેજ 3 (ઉપર)

તે કેટલે અંશે વ્યાજબી ગણાય ? હું એવું સમજુ છુ કે યુવકસંઘના એક ભુતપૂવ હોદેદાર અને સતપંથ સનાતન બાબતે જાણકારી ધરાવનારને થોડો સમય આપવામાં પણ ન આવે તો તે હોદાઓનું પણ અપમાન જ ગણાય હું હોદા ઉપર હતો ત્યારે ઘણી વખત મારે સભાઓમાં બોલવાનું થયુ છે, વલ્લભ વિદ્યાનગર હોસ્ટેલ બાબતે સાબરકાંઠાનો પ્રવાસ યુવકસંઘના ભાઈઓએ કરેલ તે વખતે બધી સભાઓનું સંચાલન મેં કરેલ હતું તેમાં પણ સતપંથના ભાઈઓના વિસ્તારમાં પણ(વડાલી–ખેડબ્રહમા) સભા રાખેલ હતી. ઝોન રચના બાદ મધ્ય ગુજરાત ઝોનના મહામંત્રી તરીકે બે ટમ હતો ત્યારે કેન્દ્રીય સમાજની કારોબારી સભ્ય તરીકે બોલવાનું થયુ છે. હું એટલા માટે કહુ છું કે મેં કયારે ઉંચા અવાજે (એક વખત માટે પણ નહી) કે ઉશ્કેરણીજનક રીતે વાતો કરેલ નથી આ બધી બાબતોની ખબર અબજીભાઈને છે જ, અબજીભાઈ સભાના પ્રમુખ હોય અને આ બધી બાબતોની ખબર હોય અને મને થોડી ચોખવટ કરવાની પણ મંજુરી ન મળે તે મારા માટે કેટલી વિટંબણા કહેવાય ?

ઉપર જણાવ્યા પ્રમાણે આ જૂઠ છે.

હવે આગળ જે બાબત જણાવવાની છે તેમાં ઠરાવ નં.૧૮ અને ૧૯ નો ઉલ્લેખ આવશે તે ઠરાવ નં. ૧૮ અને ૧૯ નીચે લખ્યા મુજબ છે.

ઠરાવ નં. ૧૮ :– જ્ઞાતિમાં એકવાયતા જળવાય તે માટે કચ્છ,ગુજરાત અને ભારત તેમજ વિદેશમાં વસતા આપણા સમાજના જ્ઞાતિજનોએ જન્મથી મરણોતર સુધીના સંસ્કારો સનાતન હિન્દુ રીતરીવાજો મુજબ પાળવાના રહેશે. મરણ પછી અગ્નિ સંસ્કાર વિધી કરવાની રહેશે.

ઠરાવ નં. ૧૯ :– સમાજમાં ઉપસ્થિત થતા ધામિ ક અને સામાજિક પ્રશ્નોનો સમાજ લેવલે નિરાકરણ લાવવા માટે અલગ પેટાનિયમો સાથેની કેન્દ્રીય સામાજિક ન્યાય સમિતીની નિમણુંક કરવામાં આવેલ છે તેથી સામાજિક તેમજ ધામિ ક પ્રશ્નો બાબત સમાજમાં મતભેદ ઉભા થાય તેવા સંજોગોમાં તેનો નિકાલ સામાજિક સમિતી ધ્વારા કરવો અને તે નિણ ય અંતિમ રહેશે કોટ  તેમજ પોલીસનો આશરો લેવો નહી.

ઠરાવમાં ફેરફારો નથી.. માત્ર ક્રમ બદલ્યો છે.. કઈં છુપાયું નથી.. એમાં કઈ રીત ષડયંત્ર થઈ શકે?

બીજી વાત.. જ્ઞાતિ રીત રિવાજોની પુસ્તિકાનો થોડો પણ અભ્યાસ કર્યો હોત તો એમને ખ્યાલ આવી જાત કે ક્રમ શા માટે બદલ્યો છે..

જેમણે ખબર ન હોય એમના માટે કે આ વખતે જ્ઞાતિ રીત રિવાજોમાં ધરખમ સુધારાઓ થયેલ છે.. એમાં ઘણા નવા આયામો જોડેલ છે માટે ફેરફારો તો થાય ને..

ઉપર મુજબ ઠરાવ નં. ૧૮ અને ૧૯ પહેલેથી નકકી છે તેમ છતાં અત્યારે જે રીતરીવાજો માટેની નવી બુક છપાઈને (તા.૧૪/૦૫/૨૩) બહાર પડેલ છે તેમાં ૧૯ માં ઠરાવને ભુલથી કે કોઈ સોંચી સમજી સાજીશથી ઠરાવ નં. ૧૯ ની જગ્યાએ ૨૩ માં ઠરાવમાં લીધેલ છે જે આપ સૌની જાણ માટે.

અત્યારે જ્ઞાતિ રીવાજો માટે જે બુક (તા.૧૪/૦૫/૨૩) બહાર પડેલ છે અગાઉ



અહીં એક વાત છુપાવવામાં આવી છે ક..  આ જ્ઞાતિ રીત રિવાજોને અધિવેશનમાં લગભગ 60 હજારથી પણ વધારે લોકોએ સર્વાનુમતે પાસ કરેલ છે. એમાં પોતે દેવશંકર ભાઈ પણ કદાચ હાજર રહ્યા હશે. કોઈએ વિરોધ કરેલ નથી.. અધિવેશનથી પહેલાં ડ્રાફ્ટ પાસ કરવા માટે બોલાવવામાં આવે વિશેષ સભામાં પણ એમણે આ બાબતે કોઈ વિરોધ કરેલ નથી.. માટે, હવે આવી અધૂરી અને અર્ધસત્ય વાતો કહીને લોકોને ભ્રમિત કરવા સિવાય કોઈ ઉદ્દેશ હોય એવું દેખાતું નથી.

Link: https://www.realpatidar.com/a/series97

અહીં "સંપ્રદાય" એટલે હિન્દુ ધર્મના સંપ્રદાયો.. મુસલમાન ધર્મ નહીં.

પણ અહી જગડો સતપંથ પંથ એ મુસલમાન ધર્મ હોવાના કારણે છે. સતપંથ મુસલમાન ધર્મ છે એટલા માટે જ કેશરા પરમેશ્વરા, નારાયણ રામજી, સંત ઓધવરામ, રતનશી ખીમજી સમાજ અને ધર્મ માટે લડ્યા..

આવી ભ્રામક વાતો કરીને શું આપણાં આધ્યા સુધારકો અને મહાન સંતોને ખોટા સાબિત કરવા માંગે છે?

આ વાત જ્ઞાતિના રીત રિવાજોમાં ક્યાંય લખેલ નથી. કોઈ દિવસ વિધર્મ કે મુસલમાન ધર્મ પાળવાની છૂટ કોઈએ આપેલ નથી. આ વાત મનસ્વી રીતે ઉપજાવી કાઢેલ છે. આ રીતે ખોટું અર્થગઠન કરીને સમાજને ઉંધા તેમજ ખોટે રસ્તે ચડાવવાનું કામ છે. વડીલોએ કરેલ ધાર્મિક પ્રગતિને બરબાદ કરવાનું કામ કરે છે.



તા. ૧૨/૦૮/૨૦૦૬ ના બહાર પડેલ બુકમાં ૧ થી ૧૯ સુધીના ઠરાવો છે તે વખતે સમાજે નિયમ બનાવેલ કે આ ઠરાવ નં. ૧૮ અને ૧૯ નું ચુસ્તપણે પાલન કરવાનુ છે. તે સિવાય ગમે તે સંપ્રદાયમાં માનો તેનો વિરોધ નથી. તેવું ૨૦૧૦ સુધી ચાલ્યુ છે તે બાદ જ સતપંથ સમાજના વિવાદો ઉગ્ર બનેલ છે તે શા કારણે થયેલ તે પણ આગળ જણાવીશ. આ બાબતે થોડો ઉલ્લેખ કરવાનો છે કે અત્યારે હોદેદારો અને સમાજો કેવું વિરોધાભાસી વલણ અપનાવે છે. ઉપરોકત જે ઠરાવ નં. ૧૮ અને ૧૯ ના પાલન માટે સમાજ તરફથી નિયમ બનાવેલ તે વખતે (આજ થી લગભગ ૧૮ થી ૧૯ વષ પહેલા) મારા જમાઈ જે સતપંથ પરીવારમાંથી આવે છે તેમને એક લેખિતમાં પત્ર પ્રેરણાપીઠ અમદાવાદ ને લખેલ તેમાં લખેલ કે કેન્દ્રીય સમાજે ઠરાવ નં. ૧૮ અને ૧૯ નો નિયમ બનાવેલ છે તે માટે સતપંથ સમાજના ભાઈઓએ અગ્નિ સંસ્કાર અપનાવી લેવો જોઈએ અને જે કોટ કેસો ચાલે છે તે બિનશરતે પાછા ખેંચી લેવા જોઈએ અને આ પત્રની એક કોપી આપણા કેન્દ્રીય સમાજને પણ મોકલાવેલ હતી. સતપંથનો એક છોકરો ૧૯ વષ પહેલા અગ્નિ સંસ્કાર બાબતે ચોખ્ખુ લેખિતમાં સતપંથના મુખ્ય કાયા લયમાં લખીને જણાવેલ તે બાબતે આપણા કેન્દ્રીય સમાજે અભિનંદનનો પત્ર પણ લખેલ ન હતો. મારા વેવાઈ અને જમાઈ તેમજ જમાઈના મોટાભાઈ આ બનેં ઠરાવોનુ અનુમોદન શરૂઆતથી જ કરે છે તેમના બીજા કુટુંબી ભાઈઓ જે હમણા સુધી અગ્નિ સંસ્કાર કરતા ન હતા અત્યારે તેમણે પણ અગ્નિ સંસ્કાર સ્વીકારેલ છે.

અહીં સાચા કારણો સામે આવ્યો.. દેવશંકરભાઈને સગાંવાદ નડ્યો છે.. અહીં સતપંથી જમાઈ છે.

દેવશંકરભાઈ ખૂબ સારી રીતે સમજે છે કે જો એમના જમાઈ નહીં સમજે તો સતપંથમાં હોવાના કારણે એ ધીરે ધીરે ભવિષ્યમાં મુસલમાન તરીકે ઓળખાશે અને પોતે (દેવશંકરભાઈ) સનાતન જ્ઞાતિમાં રહેશે..

એમના જમાઈને સનાતનમાં આવવા સમજાવી કે મનાવવામાં અસફળ રહ્યા છે.. એટલે સમાજને ઊંધે રસ્તે ચડાવે છે... કે ગમેતેમ કરીને આ મુસલમાની સતપંથને સનાતન સમાજ સ્વીકૃતિ આપી દે.

એમને સનાતનીઓનો ઇતિહાસ યાદ રાખવો જોઈએ કે સનાતન ધર્મ માટે લોકોએ સગાં માતા-પિતા, ભાઈ-બહેન સાથે સબંધ તોડીને બહુ મોટા બલિદાનો આપેલ છે.. એમણે પણ એમના દીકરી-જમાઈઓ કે પરિવારો વહાલાં હતાં.. પણ સનાતન ધર્મ માટે પોતાના અમુક સુખોનું બલિદાન આપેલ છે. આવો ઉચ્ચ વારસાને સગાંવાદમાં ફસાઈને બરબાદ ન કરવો જોઈએ.

શું માત્ર અગ્નિ સંસ્કાર કરવાથી મુસલમાન હિન્દુ બની જાય? ના. પણ અહીં વાત તો એવી કરે છે.

નખત્રાણા ગ્રામ વિકાસ મંડળ ધ્વારા ગલ્સ સ્કુલનું સંચાલન ઘણા વષો થી કરે છે અત્યારે (ડીસેમ્બર–૨૩) ગલ્સ સ્કુલની ભુતપૂવ વિદ્યાથી નીઓનું મિલન રાખેલ જેની કન્વીનર તરીકે મારી દીકરી ચંદ્રીકા હતી. તેમને ગલ્સ સ્કુલના હોદેદારો પ્રમુખ પ્રવિણભાઈ સામજી ધનાણી અને મહામંત્રી લાલજીભાઈ હંસરાજ રામાણી સાથે સંપક કરીને કાય ક્રમ ગોઠવેલ તેના માટે ભુતપૂવ શિક્ષિકાઓ અને વિદ્યાથી નીઓ માટે જમવા તેમજ રહેવાની સગવડ માટે પ્રવિણભાઈ અને લાલજીભાઈ જેઓ આપણી પાટીદારની કન્યા છાત્રાલય જેનું ગલ્સ સ્કુલનું કંમ્પાઉન્ડ સાથે જ છે છાત્રાલયની સંચાલન સમિતીમાં પણ આ બે હોદેદારો મુખ્ય જવાબદારી તે સમયે સંભાળતા હતા એમને તે માટે પરમિશન આપી દીધેલ અને એક ઔપચારીક રીતે એક અરજી કેન્દ્રીય સમાજના નામે કરવાનું કહેલ અને આ અરજી બાબતે અમુક કોઈ કટરવાદીને ખબર પડી કે આ ચંદ્રીકાબેન સતપંથી છે એટલે આ છાત્રાલય એમને અપાય નહી એટલે

બીજી વખત સગાંવાદ નડ્યો.. અહીં દીકરી છે, જે સતપંથમાં પરણાવી છે.

...૧૦...

Link: https://www.realpatidar.com/a/series97

અહીં દેવશંકરભાઈ એક વાત બધાથી છુપાવે છે.

આ જ દેવશંકરભાઈ છે કે જેમણે પોતાના જમાઈ-દીકરી સનાતની છે એવું આર્ય સમાજ તરફથી જૂઠો પ્રમાણ પત્ર આપી વડોદરા સમાજમાં સભ્ય બનાવ્યા છે.

આજે એમના જમાઈ-દીકરી સતપંથી છે એવું જાહેરમાં કબૂલ કરેલ છે. આ પત્રમાં તેમજ જાહેરમાં કેન્દ્રીય સમાજની સભામાં પણ પોતે બોલેલા.

જ્યારે એમને ખબર છે કે એમના જમાઈ સતપંથી છે તો જૂઠો પ્રમાણ પત્ર આપી સમાજને ગુમરાહ કરવાનું ષડયંત્ર કેમ કર્યું.. એ સમાજના ગુન્હેગાર છે.

વાહરે ઘડીએ ઠરાવ નં 18 પાળે છે એવું કહીને એક છવિ ઊભી કરવાનો પ્રયત્ન કરવામાં આવી રહ્યો છે કે એમના સતપંથી જમાઈ જાણે હિન્દુ છે.

1) પહેલાં એ સમજવું જોઈએ કે ઠરાવ નં 18 પ્રમાણે જન્મથી મરણોત્તર સુધી તમામ સંસ્કારો સનાતન હિન્દુ રીત રિવાજો પ્રમાણે હોવા જોઈએ. કઈં મસ્જિદ કે દરગાહ કે કબર પૂજા હિન્દુમાં નથી. એમાં દરગાહ કે મસ્જિદ કે કોઈ મુસલમાન ધર્મ પાળવાનું ન આવે.
આપણે જાણીએ છીએ કે સતપંથ મુસલમાન ધર્મ છે, ઈમામશાહ મુસલમાન હતા.. ઈમામશાહનું ધાર્મિક સ્થળ દરગાહ છે.. એમની પૂજા વિધિ અલગ છે, એમની આસ્થા અલગ છે, એમના શાસ્ત્રો પણ અલગ છે, ઈમામશાહએ તૈયાર કરેલ છે.. હિન્દુ ધર્મના નથી.

જેથી ખબર પડે છે કે સતપંથ ધર્મ પાળનાર લોકો સનાતન હિન્દુ રીત રિવાજો પ્રમાણે નથી ચાલતા. માટે તેઓ હિન્દુ નથી..
આ એક સરળ વ્યાખ્યા આપણાં વડીલો તે સમયે અંધશ્રદ્ધામાં ફસાયેલા સામાન્ય લોકો સમજી શકે એ પ્રમાણે ગોઠવેલ હતી.



આ હોદેદારોએ ચંદ્રીકાને વિનંતી કરેલ કે તમારા નામે અરજી છે તે કોઈ બીજી વિદ્યાથી નીના નામે કરો અને સાથે સાથે સતપંથની કોઈ દીકરી આપણી છાત્રાલયમાં રહેવા દેવું નહી એવી વાત કરેલ જેથી ચંદ્રીકાએ ખોટા વિવાદમાં પડયા વગર એ અરજી પાછી ખેંચી લીધી અને આ બધાની રહેવાની સગવડ થોડે દુર રામાણી પરીવારના સંકુલમાં કરેલ અને આવવા જવા માટે વાહનોની સગવડ રાખેલ. અને જમવાની વ્યવસ્થા ગલ્સ હાઈસ્કુલમાં જ ગોઠવેલ શરૂઆતમાં જમવા અને રહેવાની બન્ને સગવડ પાજીદાર કન્યા છાત્રાલયમાં કરવાનું નકકી કરેલ હતું કોઈકે આ બાબતે વાંધો લીધો જેને લઈને પ્રમુખ અબજીભાઈએ આવો નિણ ય લીધેલ. અહીં આ પ્રસંગ એટલા માટે લખુ છુ કે હમણા છેલ્લા અમુક વષો થી સમાજે એવો નિયમ બનાવેલ છે કે સતપંથના ભાઈઓ જોડે ધંધાકીય સંબંધો પણ વિવકેબુધ્ધિથી બંધ કરવા. અહી અબજીભાઈએ કન્યા છાત્રાલય સતપંથી બહેનો માટે મનાઈ કહેલ તેની કન્વીનર ચંદ્રિકાબેન સી.એ. (મણીલાલ સી.એ) ના જ અબજીભાઈ કલાઈન્ટ છે. વડોદરામાં અમારા જમાઈ દીકરી પાસે અબજીભાઈ ઈન્કમટેક્ષ રીટ ન વષો થી ફાઈલ કરાવે છે તે જગ્યાએ સતપંથી નડતા નથી પોતાની વિવેકબુધ્ધિથી સી.એ. બદલી નાખવા જોઈતા હતા અમારા જમાઈ વડોદરામાં આપણી સમાજના ધંધાકીય રીતે આપણા બધા ભાઈઓના સી.એ. ન હોય તે સ્વભાવિક છે બાકીના બીજા સી.એ પાસે રીટ ન ભરાવતા હશે જ તો અબજીભાઈને બીજા સી.એ. આરામથી મળી શકે અને બીજા સી.એ પાસે ફાઈલો લઈ જવા માટે મણીલાલ પાસેથી તરત એન.ઓ.સી. મળી જશે જ એવી અબજીભાઈને ખાત્રી પણ છે.

અમારા જમાઈ મણીલાલ વડોદરા ગીતામંદીર સમાજના (સીટી સમાજ) સભ્ય છે એમને શરૂઆતથી જ ઠરાવ નં. ૧૮ અને ૧૯ પાળવા માટે ગીતામંદિર સમાજને લેખિત બાંહેધરી આપેલ જ છે તેમ છતાં આજુબાજુની બીજી સમાજો વાળા ગીતામંદિર સમાજને પ્રશ્ન પુછે છે કે આ સતપંથી ભાઈને સભ્ય તરીકે કેમ ચાલુ રાખેલ છે ? ગીતામંદિર સમાજવાળા મણીલાલને સતપંથી ગણતા નથી અને ગીતામંદિર સમાજને પણ ખાત્રી છે કે મણીલાલનું સભ્યપદ રદ કરશું તો પણ મણીલાલ તેનો બિલકુલ વિરોધ કરશે નહી હુબલી સમાજના ભાઈની જેમ કોટ માં કેસ કરશે નહી.

ગીતા મંદિર સમાજે હવે આ સતપંથી મણિલાલભાઈ વિષે કડક પગલાં લેવા જોઈએ.. આવી રીતે કેટલા વર્ષો સુધી આપણે બેવકૂફ બનતા રહીશું?

કેન્દ્રીય સમાજના લેવલે વાત કરુ તો અબજીભાઈ કેન્દ્રીય સમાજના પ્રમુખ હોવા છતાં મણીલાલને સતપંથી ગણતા નથી કે ગણે છે ? તે વિચારવુ રહયું બીજી વાત કરુ તો ગીતામંદિર સમાજ આપણી મધ્ય ગુજરાત ઝોનના અંદર આવે છે મધ્ય



2) હવે આજના સમયમાં લોકોમાં ખૂબ જાગૃતિ આવી ગઈ છે. સતપંથ એ મુસલમાન ધર્મ છે.. હિન્દુ ધર્મ નથી એવું લોકો સમજી ગયા છે.
માટે સમાજે નક્કી કર્યું છે કે સતપંથએ પછી તાકીયાના આધારે ગમે તેવો હિન્દુ રૂપ કેમ ન અપનાવ્યો હોય, તોય એ હિન્દુ ધર્મ નથી.

Link: https://www.realpatidar.com/a/series97



અહીં દેવશંકરભાઈને જમિની વાસ્તવિકતા ખબર નથી એવું સ્પષ્ટ દેખાય છે.. કારણ કે સતપંથીઓ દ્વારા જે કેસો કરવામાં આવી રહ્યા છે, એની પાછળનું માથું એટલે કે માસ્ટર મીંડ (master mind) બીજું કોઈ નથી પણ આ CA B K Patel છે અને તેમની સાથે વકીલ સુરેશ પટેલ છે.
જે સ્પષ્ટ રીતે ઠરાવ નં 19નું ઉલ્લંઘન છે.

પણ અહીં CA B K Patel માટે એમ કહેવાય છે કે તેઓ ઠરાવ 19નું પાલન કરે છે..
દેવશંકરભાઈને સમાજમાં સતપંથ સમસ્યાનો પૂરો અભ્યાસ નથી, એવું સાબિત થયું છે.

અહીં ખોટી છબી ઊભી કરેલ છે. જ્યારે સમાજમાં જાગૃતિ નહોતી ત્યારે સતપંથીઓ સાથે સંબંધો હશે.. પણ હવે CA B K Patel સાથે CA R N સાહેબના કોઈ પારિવારિક કે સામાજિક સંબંધ નથી.

ગુજરાત ઝોનના પ્રમુખ ધરમશીભાઈ સી.એ છે અને અમદાવાદ ઝોનના પ્રમુખ સી.એ આર.એન. પટેલ સાહેબ હમણાં સુધી હતા એ લોકો મણીલાલ સી.એ. ને સતપંથી ગણે છે કારણ કે થોડા મહિના અગાઉ સી.એ. નું સનાતની મિલન ઈન્દોર મુકામે યોજવામાં આવેલ ત્યારે આ મણીલાલ સી.એ. ને સતપંથી ગણી આમંત્રણ આપેલ નહી અને અમદાવાદના સી.એ બી.કે.પટેલ જેઓ સતપંથી છે અગ્નિ સંસ્કાર કરે છે ઠરાવ નં.૧૮ અને ૧૯ નું પાલન કરે છે તેઓ પશ્ચિમ ભારત સી.એ. એસોસીએશનના હોદેદાર તરીકે રહી ચુકયા છે એમને પણ સી.એ. ઈન્દોરના મિલનમાં સતપંથી હોવાથી આમંત્રણ આપેલ નહી પરંતુ સી.એ. આર.એન. પટેલ સાહેબ જેઓ અમદાવાદ ઝોનના પ્રમુખ હતા અને સી.એ. ના સનાતની એસોસીએસનના કન્વીનર છે તેઓ બી.કે. પટેલ જોડે બહુ સારા સંબંધ ધરાવે છે અને એકબીજાને ઘરે આવવા જવાના સારા સંબંધ છે. જયારે આપણી કેન્દ્રીય સમાજે ઘણા સમયથી એવુ નકકી કરેલ છે કે સતપંથી જોડેના કોઈપણ સંબંધને વિવેકબુધ્ધિથી ઓછા કરીને ધીરે ધીરે બંધ કરી દેવા.

ગૌરાંગભાઈ, હરેશભાઈ અને યુવાસંઘની ટીમને ધન્યવાદ કે તેઓએ આ મુદ્દો મક્કમતાથી ઉપાડ્યો. જેના પરિણામે આજે રમેશભાઈ સનાતન સમાજમાં ભળી ગયા છે, અને સમાજની સાચી એકતા વધારી છે..

દેવશંકરભાઈ પોતાના જમાઈને સમજાવીને સનાતનમાં નથી લાવી શક્યા, બીજાની વાતો ક્યાં કરે છે? ઊલટું જમાઈ સતપંથમાં રહીને સનાતન સમાજમાં ભળી (દૂધ-દહી) શકે એટલા માટે આ બધા હવાતિયાં મારી રહ્યા છે.

સમાજની લાંબા ગાળાની સાચી એકતામાં એમને રસ નથી દેખાતો.

હવે આપણા કટર સનાતની ગૌરાંગભાઈ ધનાણી ની વાત કરૂ તો થોડા વર્ષો પહેલા રામાણી પરીવાર ધ્વારા નિયાણી ભેટનો બહુ મોટો કાયક્રમ રાખેલ હતો અને તે વર્ષે ચુંટણી પણ હતી તેની અંદર ત્રીચનાપલ્લીના રમેશભાઈને એ એરીયાના ઘણા સમયથી પ્રતિનીધી તરીકે લેવામાં આવતા રહયા હોવાથી અને એમને રામાણી પરીવારનાં રૂડીમાં પ્રત્યે બહુ આસ્થા ધરાવે છે એ વર્ષો થી અગ્નિસંસ્કાર કરે છે (ઠરાવ નં.૧૮ અને ૧૯ નું પાલન કરે છે) એટલુ જ કે સતપંથમાં આવજાવ કરે છે (તે પણ અત્યારે નથી કરતા) આ બાબતે ગૌરાંગભાઈએ બહુ મોટો હોબાળો મચાવેલ યુવકસંઘના તે વખતે તેઓ પ્રમુખ હતા અને મહામંત્રી તરીકે હરીશભાઈ બારડોલી વાળા એ આ બન્ને રામાણી છે આખી યુવકસંઘની ટીમ રામાણી પરીવારમાં ઉતારી દીધેલ અને ધરણામાં બેસી ગયેલ તેમાં મેં તે વખતની પરીસ્થિતીને અનુરૂપ જે ૧૦ થી ૧૨ મિનીટ હું બોલ્યો તે બાદ આ કટરવાદીઓ પાસે કોઈ જવાબ ન આવ્યો અને ધીરેધીરે તેમની આખી ટીમ ત્યાંથી સરકી ગયેલ તે વખતે લગભગ ૪ થી ૫ હજાર રામાણી પરીવારના લોકોની હાજરી હતી આની બાદ રામાણી પરીવાર તરફથી જમીન ખરીદવામાં આવેલ તેનો દસ્તાવેજ નકકી કરેલ સમયે કરવાનો હોવાથી તેમાં પાંચેક લાખ છેલ્લે ખુટતા હતા તે માટે અમુક જણાએ લોન આપવા માટે કહેલ હતુ પરંતુ તે લોન ટાઈમસર આવી નહી અને અમુક ચડાવા

ભેટની રકમને મુદત પુરી થવા છતાં આવતી ન હતી તેમાં ગૌરાંગભાઈ તરફથી એક ચડાવાની રકમ રૂપીયા એક લાખ પચ્ચીસ હજાર જેવી બાકી હતી તેની ઉઘરાણી માટે ગૌરાંગભાઈને ફોન કરવામાં આવતા હતા પરંતુ તે રકમ ટુકડે ટુકડે મુદત થઈ ગયા બાદ આવેલ અહી એ પરીસ્થિતીથી વાકેફ હોવા છતાં ખરેખર સમયસર એક સાથે રકમની વ્યવસ્થા કરી આપવી જોઈતી હતી જયારે આપણે સમાજની આગેવાની લેતા હોઈએ ત્યારે ખાસ ફરજમાં આવે છે. સંસ્થાના અહી નખત્રાણા હાજર હોદેદારોએ દસ્તાવેજ અરજન્ટ કરાવવો જરૂરી હતો અને રકમ પાંચેક લાખ ખુટતી હતી એટલે આ રમેશભાઈ ત્રીચનાપલ્લી વાળાને ફોન કરેલ કે આ રીતે રકમની અરજન્ટ જરૂર છે તો એમને કહેલ કે અત્યારે હું ત્રીચનાપલ્લીથી બહાર છું. પરંતુ રકમ તમોને કાલે જ નખત્રાણા મળી જશે રૂડીમાંનુ કામ અટકવું ન જોઈએ અને બીજે દિવસે તે રકમ નખત્રાણા આવી ગયેલ જયારે આ ગૌરાંગભાઈના એક ધંધામાં પાટ નર તરીકે એક સતપંથી ભાઈ પણ છે એવું જાણવા મળેલ છે.

જેન્તીભાઈ લાકડાવાળા સતપંથ વિરૂધ્ધના સનાતની સમાજ તરફના નિતી નિયમો બનાવવામાં અગ્રેસર હોય છે તેવું ઘણાંય જોયુ હશે સતપંથ વિરૂધ્ધ બોલતા પણ સાંભળયા હશે એ જેન્તીભાઈ લાકડાવાળા સતપંથના એક બહુ મોટા ધાિમ ક કાય ક્રમની આમંત્રણ પત્રિકા સતપંથના અગ્રણી ભાઈઓના હાથેથી લેતા ફોટા પણ વાયરલ થયેલ છે અત્યારે સનાતન સમાજ તરફથી એવુ નકકી થયેલ છે કે જુના સંબંધો છે તે વિવેક બુધ્ધિથી જાળવવા પરંતુ નવા સંબંધ કરવા નહી અમારી સમાજ (મધ્ય વિભાગ નખત્રાણા) માં હમણા ૨–૩ વષ પહેલા જ અમારી સમાજના સભ્યનો દિકરો સતપંથ સમાજના આગેવાનની પોત્રી સાથે લગ્ન કરેલ છે કોલેજમાં ભણતા હતાં ત્યારે પ્રેમ થઈ ગયેલ તે છોકરા–છોકરીએ તેમના વડીલોને કહેલ કે અમો લગ્ન કરશું તો આની સાથે જ, ભાગીને લગ્ન કરશું નહી. વડીલો માનતા ન હોવાથી તે બન્ને અજ્ઞાત સ્થળે અલગ અલગ જગ્યાએ ચાલ્યા ગયેલ (લગ્ન કરેલ ન હતા) અમારી સમાજના સભ્ય સમાજ આગળ આ હકીકત જણાવેલ કે આ છોકરાં માનતાં નથી અને સતપંથ સમાજના આગેવાન પણ માનતા ન હતા છેવટે નાછુટકે સતપંથના આગેવાને શરત મુકી કે અમારી દીકરીના લગ્ન પ્રેરણાપીઠ ખાતે થશે અને નખત્રાણા જાન લઈને આવવું પડશે જે બાબત અમારી સમાજના હોદેદારો આગળ તે સભ્યએ વાત જણાવી અને પોતાની મજબુરી રજુ કરેલ અત્યારે સગપણ સમસ્યા છે આવો બનાવ બન્યા પછી બીજે સગપણ કરવામાં તકલીફ પડશે એવું કહેલ એટલે અમારી

આ કેવી ફરિયાદ છે?..

જાણે.. રોડ પર સિગ્નલ તોડનારને ટ્રાફિક પોલીસ વાળો રોકે ત્યારે એ ફરિયાદ કરે કે બીજા લોકો નીકળી ગયા, એમને કેમ રોક્યા નહીં.. મનેજ કેમ રોકો છો? માટે ટ્રાફિક પોલીસનું કામ બંધ કરી દો..

દેવશંકરભાઈ પોતાને બહુ બુદ્ધિશાળી ગણે છે.. તો પછી આવી પરિસ્થિતિમાં રસ્તો કેવો કાઢવો જોઈતો હતો એ જણાવે.. જેથી કરીને સનાતનીઓની એકતા વધે.. અને સમાજ વધુ મજબૂત થાય.

બીજીબાજુ પોતે જણાવે છે (આગલા પેજમાં) કે અહીં સનાતન સમાજે વિવેક બુદ્ધિથી કામ કર્યું છે.. તો સારું જ થયું છે ને..

બધા પ્રયાસો કર્યા બાદ છેલ્લે આવું કરવું પડ્યું હોય તો આને ..
વિવેક બુદ્ધિથી કામ લીધું કહેવાય.
સનાતનીઓની એકતા વધી ને..



હું જ એક સાચો.. બાકી બધા ખોટા. જેવી વાતો કરે છે..

સતપંથ સમસ્યા એ ધાર્મિક સમસ્યા છે. નિયમો જે બનેલ છે કે મિનિમમ (minimum) ધોરણ છે. કોઈ વ્યક્તિ કે સમાજ ચુસ્ત રીતે સનાતન ધર્મનું પાલન કરતા હોય તો એમાં બીજાને વાંધો શું?
શું સમાજ એમ કહે તો તમે ચુસ્ત હિન્દુ ન બનો.. થોડું મુસલમાની તત્વ પણ ચલાવો..

આ બધુ સ્થાનિક પરિસ્થિતિ પર નિર્ભર હોય છે.. સ્થાનિક સમાજમાં સતપંથીઓનો વ્યવહાર કેવો છે.. સનાતનીઓને કેટલું ભરમાવે છે.. સ્થાનિક લેવલ પર સતપંથીઓએ ખોટા કોર્ટ કેસો કેટલા કરેલ છે.. સનાતનીઓને કેટલા હેરાન કરવામાં આવેલ છે.. જ્ઞાતિ રીત રિવાજોના અમલ માટે ભૂતકાળમાં કેવા-કેવા પ્રયત્નો થયેલ છે.. વગેરે અનેક બાબતોને ધ્યાનમાં લઈને આખો સ્થાનિક સમાજ નિર્ણય લેતો હોય છે.. જે મૂળમાં સમાજ સનાતની બને એ ઉચ્ચ હેતુ હોય છે.. જે જ્ઞાતિ આપણી જ્ઞાતિના હિતમાં છે અને આવકાર્ય છે.

આવી રણનીતિના કારણે.. બીલીમોરા, દક્ષિણ ભારત, દક્ષિણ કર્ણાટક, દક્ષિણ મહારાષ્ટ્ર વગેરે અનેકો જગ્યાએ આના ખૂબ સારા પરિણામો પણ જોવા મળ્યા છે.

જેમ ભારત સરકાર ટ્રાફિક માટે કેન્દ્રીય નિયમ બનાવે અને તેને અમલમાં મૂકવા માટે સ્થાનિક સ્તરે રાજ્ય સરકાર નિયમ બનાવે.. એમ સ્થાનિક પરિસ્થિતિ અને સંજોગોને ધ્યાને રાખી સ્થાનિક સમાજો કેન્દ્રીય સમાજ દ્વારા લેવામાં આવેલ નિર્ણયોનું ચુસ્ત પાલન થાય અને એની સકારાત્મક અસર જલ્દીથી સમાજ ઉપર થાય એવા પ્રયત્નો કરે એમાં કઈં ખોટું નથી.



સમાજના હોદ્દેદારોએ એવુ કહેલ કે જાન લઈને એક વખત તમો પ્રેરણાપીડ જાઓ પરંતુ પછીથી તમારો દીકરો ભલે જમાઈ તરીકે આવજાવ કરે પરંતુ તમોએ તે બાદ પ્રેરણાપીઠમાં જવુ નહી આવુ કહી મંજુરી આપેલ. અત્યારે એ બન્નેનુ દામ્પત્ય જીવન પણ બહુ સરસ રીતે ચાલે છે. અને અત્યારે કેન્દ્રીય સમાજના ખજાનચી શ્રી છગનભાઈ રૈયાણી અમારી સમાજના ટ્રસ્ટી પણ છે.

હવે જણાવુ કે કેન્દ્રીય સમાજનું ઘટક સમાજો ઉપર કેટલુ ચાલે છે ? કેન્દ્રીય સમાજે ચોખ્ખુ જણાવેલ છે કે આપણી દીકરીઓના જુના સંબંધો થયેલા છે (ભાગીને લગ્ન કરેલ નથી) તે સંબંધો પોતાની વિવેક બુધ્ધિથી તેમની સાથે પ્રસંગો ઉજવી શકે તેની અંદર દિકરીને મામેરાનો પ્રસંગ ખાસ છે કેન્દ્રીય સમાજે આવું ચોખ્ખુ નકકી કરેલ હોવા છતા અમુક ઘટક સમાજો અને તેના કુટુંબીઓ પોતાની રીતે નિયમ બનાવી મામેરા આપવામાં સતપંથી ભાઈઓને મનાઈ કરવામાં આવેલ છે તેવું ઘણી જગ્યાએથી સાંભળવા મળે છે અને અમુક જગ્યાએ એવુ વાતાવરણ ઉભુ કરે છે કે સતપંથી ભાઈ મામેરૂ આપવા જઈ જ ન શકે. આવા પ્રસંગો માટેના નિયમો કેન્દ્રીય સમાજે નકકી કરેલ છે તેમનું અમલીકરણ બરોબર કરાવી શકતા નથી.

આ વાત ખોટી છે.. શબ્દોની રમત રમી લોકોમાં ખોટા વિચારો પ્રસ્થાપિત કરવાના પ્રયત્નો છે. સતપંથ એટલે મુસલમાન પંથ કોઈ દિવસ સ્વીકાર્ય નથી.

અહીં જ પેજ 9 અને 10 માં આ બાબતનો વિસ્તૃત ખુલાસો કરેલ છે.. એટલે અહીં પુનરાવર્તન કરવામાં આવતું નથી.

સમાજે જે ઠરાવ નં. ૧૮ અને ૧૯ નું પાલન કરે પછી ગમે તે સંપ્રદાયના હોય તેનો વાંધો નહી તેમ છતાં અમુક ઘટક સમાજો તરફથી આ બે ઠરાવોનું જે સતપંથીઓ પાલન કરે છે તેમને પણ સમાજ બહાર કરે છે આવી રીતે કેન્દ્રીય સમાજે નકકી કરેલ નિયમોનું પાલન કરવાને બદલે પોતે પોતાની રીતે નિયમો બનાવી અમલ કરે છે.

હાલમાં થોડાક મહિના અગાઉ અત્યારના અમદાવાદ પ્રેરણાપીઠના આચાય (ગાદીપતિ) કચ્છમાં આવેલ ત્યારે કોટડા ચકાર, ગુણાતીપુર વિગેરે જગ્યાએ સતપંથી અને સનાતની સૌને ઘરે ત્યાં પગલા કરવા ગયેલ હતા. જયારે ગુણાતીપુરના જ સભ્ય કચ્છ પૂવ ઝોન સમાજના પ્રમુખ છે.

બહુ સરસ દાખલો આપ્યો.. આવા દાખલાઓના કારણે જ સમાજને સતપંથ અંગે નિયમો ઘડવા પડે છે..

પાંતીયા સમાજે (તાલુકો અંજાર) તો કેન્દ્રીય સમાજને ચોખ્ખુ કહી દીધેલ કે અમો અમારા ગામમાં સતપંથ સનાતનના ભાઈઓ ભેગા મળીને પ્રસંગો ઉજવીએ છીએ અમો સતપંથ સનાતનનો ભેદ રાખશું નહી અને ગઢસીસા આજુબાજુના વિસ્તારના ભાઈઓ માટે સમુહલગ્નનું આયોજન કરવામાં આવે છે તેની અંદર સતપંથ અને સનાતનના દિકરા દીકરી ના લગ્ન કરવામાં આવે છે. આવુ ઘણી સમાજોમાં

દેવશંકરભાઈને નિવેદન છે કે આવા બનાવો સનાતનીઓના ઘરમાં ન બને એટલા માટે યોગ્ય જાગૃતિના કામો કરે..

...૧૪...

Link: https://www.realpatidar.com/a/series97



એકસંપથી પ્રસંગો કરવામાં આવે છે આવું જ માંડવી ઝોનના પ્રમુખ તરીકે નારાણભાઈ ચૌહાણ હતા અને ભુજ ઝોનના પ્રમુખ કરશનભાઈ વેલાણી હતા (આ બન્ને સતપંથી નથી) ત્યારે આવું જ કહેલ કે અમારા ઝોનમાં સતપંથ સનાતનનો વિવાદ કરશું નહી એટલે એમની સામે કટરવાદીઓ એ રીતે પરીસ્થિતી ઉભી કરી ઝોન પ્રમુખો તરીકે ફરી ચુંટણી વખતે ગમે તેમ કરીને દુર કરી દેવામાં આવેલ અત્યારે નારાણભાઈ ચૌહાણ – ચૌહાણ પરીવાર ના પ્રમુખ છે જયારે કરશનભાઈ વેલાણી – વેલાણી પરીવારના ઉપપ્રમુખ છે. આ બન્ને તરફથી સમાજને તકલીફ થાય એવું કોઈ કાય  કરવામાં આવેલ નથી.

મારી વાત કરૂ તો મારુ વડોદરા રહેવા જવાનો ઉદેશ્ય પુરો (સંતાનોને ભણાવીને યોગ્ય સંબંધ ગોઠવવાનું કાય ) થવાથી અમારા વડીલ માતા પિતા માટે પાછું નખત્રાણા રહેવા આવવાનું નકકી કરેલ (૨૦૧૩) તે સમયમાં કેન્દ્રીય સમાજની ચુંટણી આવતી હતી (ગંગારામભાઈ શાંખલા પ્રમુખ બનેલ તે વખતે) સતપંથના આગળ જણાવેલ બે મોટા વિવાદો પતાવવા માટે જે મેં કાય  કરેલ તે હિંમતભાઈ ખેતાણીને ખબર હતી એમને એવું લાગ્યુ કે અત્યારે કેન્દ્રીય સમાજની ચુંટણી થવાની છે તેમાં મહામંત્રીના પદ માટે દેવશંકર બધી રીતે યોગ્ય છે (મને પાકો સનાતની માનતા હતા એટલે) મને નખત્રાણા રૂબરૂ મળવા આવેલ અને મહામંત્રી બનવા માટે આગ્રહ કરેલ હું તે વખતે આ મહામંત્રીનું પદ સંભાળી શકુ તેમ હતો મેં નખત્રાણા રહેવાનું નકકી કરી દીધેલ હતું જનરલી નિવ ત પણ હતો જયારે મહામંત્રી પદની વાત આવેલ ત્યારે આપણી સમાજમાં કટરવાદ ચાલુ થઈ ગયેલ અને જોર પકડી લીધેલ હતું અને જ્ઞાતીજનો ઉપર પણ કટરવાદીઓએ પકડ જમાવી દીધેલ હતી પરંતુ મને આ કટરવાદ બિલકુલ મારા મગજમાં ઉતરતો ન હતો આ હકકીત મેં હિંમતભાઈને જણાવી ન હતી પરંતુ બીજા કારણો બતાવી સવિનય ના પાડી દીધેલ. જયારે ગંગારામભાઈ શાંખલાનું પ્રમુખ તરીકે નામ નકકી થયેલ ત્યારે ગંગારામભાઈએ પણ મને સાઈડમાં લઈ જઈને મહામંત્રી બનવા માટે આગ્રહ કરેલ એમને મેં જે યુવકસંઘના હોદામાં હતો ત્યારે મારા કામકાજ થી પરીચીત હતા પરંતુ મેં મહામંત્રી તરીકે રહેવાની સવિનય ના પાડેલ.

આવી રીતે આપણી સમાજના ઘણા યોગ્ય વ્યકિતઓ આવા કટરવાદને લઈને સાઈડલાઈન થઈ ગયેલ મુંબઈ ઝોનના પ્રમુખ રહી ચુકેલા મનસુખભાઈ વેલાણી જેઓ કેન્દ્રીય સમાજની ચુંટણીઓમાં ઘણી વખત પાંચ જણાના પંચોમાં એક મનસુખભાઈ

...૧૫...

ધન્યવાદ દેવશંકરભાઈને કે તેઓ એ પોતે દાખલો આપ્યો અને સાબિત કર્યું કે આપણી સનાતની જ્ઞાતિની સનાતન વિચારધારાને નુકસાન પહોંચાડનાર લોકો સામે સમાજ કડક પગલાં ભરી રહ્યા છે.

સાથે સાચી વાત એ પણ છે કે અમુક સંગઠનો આ બાબતે ઢીલી પડે છે..

સમાજ સુધારનું કાર્ય પૂર્ણ નથી થયું એટલે આવા કિસ્સાઓ જોવા મળે છે.. સમાજ જાગૃતિના પ્રયત્નો ચાલી રહ્યા છે.. ધીરે ધીરે જે લોકોને સમજણ પડશે એમ સમાજના નિયમો પાળતા થશે.

જેમ જ્યારે વર્ષ 1977માં ઠરાવ 18 અને 19 પાસ કરવામાં આવ્યા ત્યારે ઘણા લોકોનો ઉગ્ર વિરોધ હતો અને આજે પણ અમુક લોકોને છે..

પણ સમાજ અડગ રહી અને જે ઠરાવો ઘડ્યા એના આજે લગભગ 50 વર્ષ પછી સારા પરિણામો જોવા મળેલ છે. એમ આગળ જતાં.. હાલ ઘડેલા નિયમો બાબતે પણ સારા પરિણામો જોવા મળશે.

અહીં દેવશંકરભાઈની વાતોની બનાવટ ખુલ્લી પડી ગઈ.

એક બાજુ કટ્ટરવાદ હાવી થઈ ગયા અને જાણે સમાજને ખોટા રસ્તા પર લઈ ગયા એવો ભાવ વ્યક્ત કરે છે.. ત્યારે બીજી બાજુ કહેવાતા એ કટ્ટરવાદના (અમે એને કટ્ટરવાદ તરીકે સ્વીકારતા નથી) મુખ્ય બે ચેહરાઓ હિંમતભાઈ અને સમાજ સ્તરે ગંગારામભાઈ સાંખલા.. દેવશંકરભાઈને સમાજમાં જોડાવવા વિનંતી કરે છે. માટે આ લોકો માટે દેવશંકરભાઈ માટે કોઈ સૂગ નહોતી.

માટે, જો આ લોકો ખરેખર કટ્ટરવાદી હોત તો દેવશંકરભાઈને જોડાવવાનું ન કહેત.

પણ દેવશંકરભાઈનો પોતાના કોઈ સ્વાર્થ સાંધતો ન દેખાતો હોવાથી (એમના સતપંથી જમાઈને સમાજમાં જોડાવવા) સમાજ તેમજ બાકી બધા ખોટા.. એવું ચિત્ર ઊભું કરવા માટે..

ભૂતકાળમાં બનેલ બંદબેસતી ઘટનાઓ તેમજ કિસ્સાઓની બનાવટી હારમાળા એવી રીતે ગોઠવી કે જે એમના હેતુને અનુકૂળ બેસે.. અને પછી આવી ઘટનાઓનો પાછળનું અર્ધસત્ય અને અર્ધ-જૂઠ સાથે મેળવી લોકો સામે મૂકી લોકોને ભરમાવવાનો પ્રયત્ન કરેલ છે.

મુંબઈમાં કોઈને પૂછશો તો ખબર પડશે કે આ મનસુખભાઈ વેલાણી જ છે કે જેમણે મુંબઈ લક્ષ્મીનારાયણ સમાજનો જાહેર વિરોધ કરેલ છે અને મુસલમાની સતપંથને સમાજમાં સાથે રાખવાની વકાલત કરેલ.. માટે આજે એ મુંબઈ સમાજમાં પણ ફેંકાઇ ગયા છે.

રવિલાલ કેશરા એ વ્યક્તિ છે કે જેઓ સતપંથના કહેવાતા ગાદીપતિ સાધુ શ્રી ગંગારામ કાકાને વાંઢાય ઉમિયા માતાજી મંદિરમાં બહુ વિશેષ આવગત કરેલ હતું, જ્યારે પ્રમુખ હંસરાજભાઈએ સતપંથીઓ માટે સ્પષ્ટ ના પાડી હતી.

પાટીદાર સર્વોદય ટ્રસ્ટ.. એ જ ગ્રુપ છે કે જેઓ માંડવી હોસ્ટેલ કૌભાંડ કરેલ છે.. જેની સામે સમાજમાં ખૂબ આક્રોશ છે. જેથી સમાજથી ફેંકાઈ ગયા છે. માટે એ લોકો સતપંથીઓના શરણે ગયા છે.

આવા સમાજ તોડું લોકોને સારા બતાવીને પોતે સાબિત કરે છે કે દેવશંકરભાઈ સમાજ હિતમાં વાતો નથી કરતા.



વેલાણીને લેવામાં આવતા હતા. એ વાતથી આપને ખ્યાલમાં આવશે એમને પણ આ કટરવાદ પસંદ નહોવાથી સાઈડલાઈન થઈ ગયેલ. એ રીતે જયેશભાઈ છાભૈયા અને રવિલાલ કેશરા તેઓ ઉમિયા માતાજી વાંઢાયના મહામંત્રી અને પ્રમુખ તરીકે રહી ચુકયા છે અને પાટીદાર સવો દય ટ્રસ્ટમાં અત્યારે અગ્રેસરો છે. કટરવાદને લઈને જ કેન્દ્રીય સમાજના કાય થી સાઈડલાઈન થઈ ગયેલ

આવું જ એકવખત કેન્દ્રીય સમાજની ચુંટણી વખતે થયેલ આપણા કેન્દ્રીય સમાજના બંધારણ મુજબ પ્રમુખ અને કારોબારીની વરણી દર ૩ વષ` કરવાની અને ટ્રસ્ટીઓની નિમણુંક દર ૬ વષ` કરવાની એવું હોવાથી (અત્યારે બંધારણમાં સુધારો કરીને ટ્રસ્ટીઓની નિમણુંક માટે પણ ૩ વષ ની મુદત કરી દીધેલ છે) તે ચુંટણીમાં ટ્રસ્ટીની નિમણુંક કરવાની ન હતી આપણા બંધારણ મુજબ ટ્રસ્ટી તરીકે ૧૧ જણને લેવામાં આવે છે તે વખતે આ ૧૧ જણ ટ્રસ્ટીઓ માંથી કોઈપણ ટ્રસ્ટી સતપંથી વિચારધારાના ન હતા, સતપંથ પ્રત્યે જરા પણ આસ્થા ધરાવતા હોય તેવા પણ ન હતા પરંતુ એવુ હતુ કે આ કટરવાદીઓ જે રીતે કટરવાદ ચલાવતા હતા તે બાબત અમુક ટ્રસ્ટીઓને પસંદ ન હતુ અથવા કટરવાદીઓને એવુ લાગતુ હતુ એટલે અમુક ભાઈઓએ એવો વિચાર મુકયો કે એક વખત આ બધા ટ્રસ્ટીઓ રાજીનામું આપી દે અને ટ્રસ્ટીઓની પણ નવેસરથી નિમણુંક કરવામાં આવે આ કટરવાદીઓને અમુક ટ્રસ્ટીઓને પડતા મુકવાનું પ્લાન હતુ પરંતુ તે સામે અમુક ટ્રસ્ટીઓએ કહેલ કે અમો શા માટે રાજીનામુ આપીએ ? અમારો વાંક–ગુનો શું ? આ ટ્રસ્ટીઓમાં સુરતના લાલજી શીવજી ભાવાણી (ઉમા એજયુ. ટ્રસ્ટના અગ્રણી) શીવદાસ ગોવિંદ છાભૈયા (પૂવ જિલ્લા પંચાયત પ્રમુખ) નારાણ રામજી પોકાર (સહકારી સંસ્થાઓમાં હોદેદાર) દેવજી માવજી લીંબાણી (ભુતપૂવ કેન્દ્રીય ન્યાય સમિતીના પ્રમુખ) આ બધા રાજીનામું આપવા સહમત ન હતા તે વખતે રામજી કરમશી નાકરાણી સભાના પ્રમુખ હતા એ કટરવાદીઓના દબાણમાં કશું બોલી શકતા ન હતા તેમાં પણ હિંમતભાઈ ખેતાણીએ એકદમ ઉભા થઈ આંગળી ચીંધીને કહેલ કે ટ્રસ્ટીઓ રાજીનામું કેમ ન આપે ? આવું ઉગ્ર થઈને કહેલ આ બાબતે બહુ જ ઉહાપોહ થયો સભામાં બધા ઉભા થઈ ગયેલ ઘણા બધા જેમતેમ બોલવા લાગ્યા એ વખતે જે હાજર હતા એમને ખ્યાલ જ હશે શીવદાસ ગોવિંદ છાભૈયા અને નારાણ રામજી પોકાર માંડવી બાજુના હતા તે રાજીનામું આપ્યા વગર મંચ ઉપરથી ઉતરીને રવાના થઈ ગયેલ પાટીદાર સવો દય ટ્રસ્ટનો વિવાદ આ બનાવ બાદ જ બહુ વધ્યો છે એ નક્કી છે તે વખતે કોઈપણ

...૧૬...

અહીં ધ્યાન આપવાનો જે શબ્દ છે એ છે "અત્યારે".

અહીં દેવશંકરભાઈ શબ્દોની રમત રમીને કેવી રીતે ખોટી માહિતી આપી લોકોને ભરમાવે છે, એનો આ ઉત્તમ દાખલો છે.

આ નિયમમાં ફેરફારો વર્ષ 2010માં થયેલ છે કે જેના પ્રમાણે ટ્રસ્ટીની મુદત પણ 3 વર્ષની કરેલ. જેથી સર્વેની ફરજ હતી કે આ બંધારણનું પાલન કરવું.

બાકી બધાજ ટ્રસ્ટીઓ પોતાના રાજીનામાઓ સભામાં જાહેર કરી દીધેલ હતા, પણ એક માત્ર શિવદાસ ગોવિંદે સીટની લાલચમાં આવીને, રાજીનામું આપેલ નહોતું, જેથી સભા નારાજ થઈ હતી.

આવા સત્તાના લાલચુ માણસોને કઈ રીતે સમાજમાં ચલાવી લેવાય? સ્વાભાવિક છે કે એમના સાથીદાર નારાયણ રામજી પોકાર ભલે એ સમયે, કેટલાક લોકો સાથે નીકળી ગયા. (શિવદાસ ગોવિંદ તો નહોતા ગયા) પણ પછી જ્યારે વાત સમજાઈ ત્યારે એ સમાજ સાથે જોડાઈ ગયા. શિવદાસ ગોવિંદતો પૂરી મિટિંગમાં હાજર રહ્યા અને પ્રમુખ માટેને દાવેદારી પણ નોંધાવેલ. પણ શિવદાસ ગોવિંદ અને એમની ટીમ પોતાના ખોટા અહમને પોસવા, દાદાગીરી કરી, માંડવી હોસ્ટેલ કાંડ કર્યું. દેવશંકરભાઈ તમે જો સાચા સમાજ હિતેચ્છુ હો તો તમને ગૌરવ થવો જોઈએ કે સમાજની મિલકત ચોરી કરનાર લોકો સામે સમાજ ઝૂકી નથી.. ચોરો સાથે સમાધાન ન હોય.

મૂળમાં આ બધી વાતો પાછળ એમનું કહેવું એ છે કે પૈસા માટે સતપંથ સમસ્યા સામે આંખ આડા કાન કરો..

દેવશંકરભાઈ ભૂલી ગયા છે કે આપણાં વડીલોએ ધર્મ સામે પૈસાને કોઈ દિવસ મહત્વ આપેલ નથી. જ્યારે આપણને ખબર પડી કે પીરાણા આપણને ધાર્મિક રીતે છેતરે છે ત્યારે પીરાણામાં દસોંદમાં આપેલ આપણાં લાખો રૂપિયાને લાત મારી એક પણ ચમચીની આસ રાખ્યા વગર સતપંથમાંથી નીકળી ગયા.

દેવશંકરભાઈને ધન્યવાદ કે એમને સાબિત કરી દીધું કે કેન્દ્રીય સમાજના આગેવાનો આજે પણ પોતાના પૂર્વજો દ્વારા સ્થાપેલ સિદ્ધાંતોને પકડીને આગળ વધી રહી છે. મુસલમાન ધર્મ બાબતે કોઈ compromise / બાંધછોડ નહીં ચાલે. પછી એ ગમે એટલો મોટો માણસ કેમ ન હોય. કોઈ પણ સમાજને blackmail/ ધમકાવી નહીં શકે.



ટ્રસ્ટીએ રાજીનામું આપેલ નહી અને સમાજમાં વિવાદો વધતા ગયા અને આ ટ્રસ્ટીઓ તેમજ સમાજમાં એવી ઘણી યોગ્ય વ્યકિતઓ છે કે જેમનો લાભ કેન્દ્રીય સમાજને મળી શકયો નથી અને અધિવેશનમાં ફંડ ઉપર પણ તેની અસર પડેલ. ફકત આ કટરવાદના લીધે જ. નામ લેવા હોય તો ઘણા છે પરંતુ એક બે જણાની વાત કરુ તો મનસુખભાઈ રૂડાણી જે કેન્દ્રીય સમાજના ઉપપ્રમુખ હતા ત્યારે સતપંથ–સનાતનના વિવાદોનું સમાધાન કરાવવામાં રસ લેતા હતા તે યુવક સંઘના પ્રમુખ હતા ત્યારે યુવક સંઘની ઝોન વ્યવસ્થા ગોઠવવામાં તેમનુ યોગદાન ઘણુ છે સમાજમાં પણ આગળ પડતો રસ (આથિ ક રીતે પણ) લેતા હતા તેમના વિશે પણ સમાધાન કરતા હતા ત્યારે આમ લોકો તેના વિશે જેમ તેમ બોલતા સાંભળયા છે જયારે એમના તરફથી સમાજને નુકશાન થાય તેવું કોઈ કાય  કરવામાં આવેલ ન હોવા છતાં. બીજા કેન્દ્રીય સમાજના ઉપપ્રમુખ સામજી નારાણ નાકરાણી અને વાંઢાય સંસ્થાના ભુતપૂવ  પ્રમુખ રવિલાલ કેસરા રામજીયાણી ૨૦૧૦ ના અધિવેશન વખતે કચ્છના કડવા પાટીદારોનો ઈતિહાસ બુકના વિમોચનના આ બન્ને પરીવારો દાતા છે આવા લોકોને કેન્દ્રીય સમાજમાંથી કટરવાદને લીધે સાઈડલાઈન થવું પડેલ.

આવો કટરવાદ શા માટે ઉભો થયો તેના કારણોમાં જોઈએ ૨૦૧૦ અગાઉ આવો કટરવાદ હતો નહી ખાસ કારણ તો રમેશભાઈ વાઘડીયાની કેન્દ્રીય સમાજમાં એન્ટ્રી આ સમયમાં થઈ એ મુખ્ય કારણ હતુ અને તેના વિશેની વધારે વિગત અલગ પાના ઉપર છે તે દરેક વાંચશે તો ખ્યાલ આવશે બીજું કારણ મોડાસામાં જે ઉમિયા માતાજીનું મંદિર બનાવવામાં આવ્યુ તે મંદિરની પ્રાણપ્રતિષ્ઠા વખતે ટ્રસ્ટ ના ટ્રસ્ટીઓના અંગત વાંધાવ ષ્ટિને કારણે કોઈક ચેરીટીમાંથી મનાઈહુકમ લઈ આવેલ આવા બે મુદા કટરવાદીઓને મળી ગયેલ અને બીજા બે મુદા ઉભા કરવામાં આવેલ ૧. કેન્દ્રીય સમાજના પ્રમુખ રામજી કરમશી નિષ્કલંકી ધામના પોગ્રામમાં કેમ ગયા? એવી વાતો જ્ઞાતિજનોમાં વહેતી કરી ૨. કેન્દ્રીય સમાજના ભુતપૂવ  પ્રમુખ વાલજી શીવજી વાડીયા સમાજના સુવ ણ જયંતી મહોત્સવ બાબતે સંપક  યાત્રામાં મોડાસાની એક સભામાં સતપંથના પ્રશ્નના જવાબમાં સમાજના શૈક્ષણિક હેતુમાં સનાતન નામ ન લગાવવું જોઈએ અને હશે તો કાઢી નાખશું એવી વાતો વહેતી કરી અને પછી તો અંદરો અંદર ભરપુર અસંતોષ ઉભો કરાવી ઝઘડાવવાની જબરજસ્ત કોશીષ ચાલુ કરી દીધેલ આ સમયમાં સમાજે શ્વેતપત્ર બહાર પાડેલ તેનો સતપંથના ભાઈઓને વિરોધ હતો તે બાબતે આવેદનપત્ર આપવા કેન્દ્રીય સમાજના મુખ્યાલયમાં આવતા

અહીં દેવશંકરભાઈની વાતોમાંનો વિરોધાભાસ દેખાઈ આવે છે.

આ લેખમાં આગાઉ વર્ષ 1993માં પણ સતપંથને લઈને એમને અસંતોષ હતો.. અમુક આગેવાનો કટ્ટરવાદ ચલાવતા હતા એવું કઈં કહેવાનું હતું.. અને હવે અહીં કહે છે કે વર્ષ 2010 પહેલાં કટ્ટરવાદ હતો નહીં.

આથી ખબર પડે છે કે એમને બનાવટ કરવાની કોશિસ કરી હતી, જે દેખાઈ આવી.

અહીં શ્વેતપત્ર માં શું છે, એ જાણવવું જોઈએ.. શ્વેતપત્રમાં ઇતિહાસના આધારે વાત રજૂ કરી કેન્દ્રીય સમાજ સ્પષ્ટ કરે છે કે કેન્દ્રીય સમાજ  સનાતનીઓએ ઊભી કરેલ સંસ્થા છે અને માત્ર સનાતનીઓના હિત રક્ષણ માટે છે. જેમાં સતપંથીઓનું સ્થાન નથી.

કેન્દ્ર સમાજના આદેશ સમા શ્વેતપત્રની હોળી કરનારને કોઈ ચલાવી ન લે.. માટે એ તો ઠીક જ કર્યું છે.



હતા ત્યારે એ ભાઈઓને આવેદનપત્ર આપવા અંદર આવવા ન દીધેલ એટલે ત્યારબાદ સતપંથના ભાઈઓએ મુખ્ય ગેટ બહાર શ્વેતપત્રની હોળી કરી આ બાબતનું હોદેદારો ઉપર દબાણ લાવી ૮–૧૦ જણાને સસ્પેન્ડ કરાવ્યા આ બાબતે ચેરીટીમાં સમાજ વિરૂધ્ધ કેસ કરવામાં આવ્યો અને સમાજ કાયદાની આંટીઘુંટીમાં ફસાતો રહયો

આ વાત ખોટી છે.. સતપંથીઓ સાથે અધિવેશનની બાબતોમાં સમાધાન થયેલ નથી. અધિવેશનમાં નક્કી થયેલ ઠરાવોનું એ લોકો વિરોધ કરતા રહ્યા છે.

આ વાત ખોટી છે. તા. 07-08-2009 ની સામાન્ય સભામાં બંધારણ સુધારા સમિતિની નિમણૂક કરવામાં આવી હતી.

૨૦૧૦ નો સમય સમાજની સુવણ  જયંતીનો હતો સમાજનો બહુજ મોટો પ્રસંગ હોવાથી અમુક જુના આગેવાનોનું સુચન હતુ કે અગાઉ પણ ઘણી વખત અધિવેશનોના સમયે સતપંથ સમાજના ભાઈઓ જોડે મતભેદો ઉભા થયેલા જ છે પરંતુ દરેક વખતે વડીલોની સમજાવટથી બન્ને સમાજો વચ્ચે સમાધાન કરીને પ્રસંગને ઉજવવામાં આવેલા છે એટલે આ બધા વાંધા વચકાઓ એક તરફ રાખીને આ સુવ ણ જયંતીનો પ્રસંગ સારી રીતે ઉજવાઈ જાય બાદ ૫–૬ મહિના પછી બંધારણમાં યોગ્ય ફેરફાર કરીને સામાન્ય સભામાં પાસ કરાવવું જોઈએ પરંતુ વડીલોની આવી વાતો માની નહી અને તે વખતે કાય ક્રમના ચેરમેને કોર મીટીંગ બોલાવીને નવું બંધારણ જબરજસ્તી બહુમતીથી પાસ કરાવવાનું નક્કી કરેલ હતુ ત્યારે સતપંથ વાળા આની ઉપર મનાઈહુકમ લઈ આવેલ મનાઈહુકમ હોવા છતાં હોદેદારો ઉપર જબરજસ્તી કરી બહુમતીથી નવું બંધારણ પાસ કરાવ્યુ. આ પોગ્રામમાં સરકારી મામલતદાર અને પોલીસની હાજરીમાં અને આવા સંજોગોમાં એટલી બધી હલકાઈ કે બેજવાબદાર લોકો તરફથી સમાજના દરેક હોદેદારો ઉપર અમુક લોકોએ ચારે તરફથી જોહુકમી ચલાવી તે બાદ દરેક મીટીંગોમાં ઉભા થઈ માઈક લઈ અને વડીલો પ્રત્યે દાદાગીરી અને જબાન ઉપર કોઈ કાબુ નહી રાખતા અસભ્યતાનું વત ન કરવામાં આવતું રહયુ પરીસ્થિતી એ આવીને ઉભી રહી કે ૫૦ વષ માં સમાજ ઉપર કોઈ કેસ થયો ન હતો તે સત્ય હકિકત છે ત્યારબાદ આવા એકતરફી વાતાવરણ વચ્ચે બંધારણના નિયમોને નેવે મુકી મનસ્વી રીતે કામ થતુ રહયુ પાટીદાર સમાજનો વિકાસ અને સંગઠન કરવાને બદલે કેસોની તારીખમાં અને પોતાના બચાવ માટે પુરાવા ભેગા કરવામાં સમય અને પૈસાનું પાણી કરતા રહયા આ સુવણ  જયંતીનો પ્રસંગ વગર વિઘ્ને પાર પડે તે માટે સુવણ  જયંતી મહોત્સવ પહેલા વડીલો હોદદારોની સમાધાન માટે ૬–૭ મીટીંગો તેમજ ઘણી બધી બેઠકો થઈ આ મીટીંગો બાદ વાંઢાય અને ભુજમાં સતપંથના ભાઈઓ જોડે તા.૧૨/૦૪/૨૦૧૦ ના સમાધાન શકય પણ બન્યુ હતું તે બાબતેની વિગત અલગ પાના ઉપર છે તે વાંચી જવું તે ઉપરથી હકિકત જાણી શકશો કે લગભગ દરવખતે દોષનો ટોપલો સતપંથના ભાઈઓ ઉપર જ ઢોળવામાં આવતો

જુવો અહીં ફરીથી એમનું જૂઠ પકડાઇ ગયું. પોલીસની હાજરીમાં અમુક લોકો જોહુકમી કરી શકે નહીં. એક ઈશારો પોલીસને કાફી હોય છે. પણ આવું થયું જ નથી. દેવશંકરભાઈએ માત્ર બનાવટ કરેલ છે.

આ નવું બંધારણ 25 હજાર લોકોની હાજરીમાં "સર્વાનુમતે" પાસ કરવામાં આવેલ છે. જેમાં અમુક ખાંટી સતપંથીઓ પણ હજાર હતા, પણ કોઈએ વિરોધ કર્યો નહીં.

આ વાત ખોટી છે. સમાજ ઉપર સતપંથીઓ એ ખોટા કેસો કરેલ છે.. કેશરા પરમેશ્વરાથી લઈ, નારાયણ રામજીથી લઈ રતનશી ખીમજીના સમય કાળથી ખોટા કોર્ટ કેસો કરેલ છે. માજી પ્રમુખ ખીમજી લખમશી અને સમસ્ત ટ્રસ્ટીઓ ઉપર કરેલ કેસ તો બહુજ પ્રખ્યાત થયેલ છે. આવા તો અનેક કિસ્સાઓ છે.

ભારતમાં જેમ અલ્પસંખકોને છવારવાની નીતિથી દેશને બહુ મોટું નુકસાન થયું એવી રીતે અહીં.. સતપંથીઓને છવારવાની નીતિ.. આ મવાળનું લક્ષણ છે.



સમાજના શ્વેતપત્રને નુકસાન થાય એવું સમાધાન કરેલ માટે એનો કોઈ અર્થ નથી.

આ વાત એમની સાચી છે..
રાજનીતિને સતપંથના કાયદાઓથી દૂર રાખવામાં આવેલ છે.

તેમ છતાં સમાજના ઘણા રાજનેતાઓ છે, જે પીરાણા અને નખત્રાણાના સતપંથના ખાના (જેણે મંદિર પણ કહે છે) માં જતા નથી. પોતાનું રાજનૈતિક નુકસાન કરી લેવા તૈયાર છે પણ સમાજની વિચારધારાને નુકસાન નથી પહોંચાડતા.

સમાજના આવા રાજનેતાઓ માટે પ્રશંસાની બે વાતો તો કમ સે કમ લખી હોત તો સારું થાત.

Link: https://www.realpatidar.com/a/series97



રહયો છે. જ્ઞાતિજનોને અંદરની માહિતી ન હોવાથી માની લેવામાં આવે છે.

આપણી સમાજમાં સામાન્ય વ્યકિત માટે સતપંથથી દરેક રીતે દુર રહેવા માટે કડક કાયદા બનાવવામાં આવે છે પરંતુ આપણી સમાજના સનાતની રાજકારણીઓ માટે પ્રેરણાપીઠના પ્રસંગોમાં જવા ઉપર કોઈ પાબંધી નથી. ભુજ વિસ્તારના ધારાસભ્ય શ્રી કેશુભાઈ પટેલ જેઓ સતપંથી પરીવારમાંથી આવે છે (તેઓ વર્ષોથી સમાજના ઠરાવ નં. ૧૮ અને ૧૯ નું પાલન કરે છે) તેઓનું આપણી કેન્દ્રીય પાટીદાર સમાજના મુખ્ય કાર્યાલય મુકામે બોલાવી સન્માન કરવામાં સમાજને કોઈ વાંધો આવતો નથી. આપણી સમાજ જે સતપંથી નખત્રાણા પ્રેરણાપીઠમાં જવા માટે મુસ્લીમ માનીને સામાન્ય જ્ઞાતિજનો ઉપર પાબંધી લગાવેલ છે તે સંસ્થામાં હાલમાં બે વર્ષ પહેલા અખિલ કચ્છ લોહાણા સમાજ તરફથી મોટુ કચ્છ લેવલનું સમુહલગ્નનું આયોજન કરવામાં આવેલ પ્રેરણાપીઠના ગાદીપતિને અતિથીવિશેષ તરીકે કાર્યક્રમમાં બોલાવવામાં આવેલા અને તેના આશીર્વાદ પણ લેવામાં આવેલ હિન્દુ જ્ઞાતિઓમાં લોહાણા સમાજ કટર હિંદુવાદી ગણાય છે જનોઈ પહેરવા માટે ઘણા લોહાણાભાઈઓ ઉત્સવની જેમ પોગ્રામ રાખે છે આવી કટર હિંદુવાદી જ્ઞાતિને પ્રેરણાપીઠમાં કચ્છ લેવલનો કાર્યક્રમ રાખવામાં તકલીફ પડતી નથી. બીજી હિન્દુ જ્ઞાતિ વાળાઓ પણ પ્રેરણાપીઠમાં પોગ્રામો ગોઠવે છે. ઉમીયા માતાજી સંસ્થા ઉંઝા જે આપણી કડવા પાટીદારની મુખ્ય સંસ્થા છે ઉમીયા માતાજી સંસ્થા ઉંઝા ના હોદદારો તરફથી કચ્છમિત્રમાં હાલમાં જ જાહેરાત આપીને સતપંથ સમાજને તેમજ પેરણાપીઠ અમદાવાદને હિંદુવાદી સંસ્થા ગણાવેલ છે તેના જવાબમાં આપણી કેન્દ્રીય સમાજના મહામંત્રીના નામે જવાબ આપેલ છે બન્નેની કોપીઓ આ સાથે છે તે જોશો તો ખ્યાલ આવશે અત્યારે ઉમીયા માતાજી ઉંઝાના હોદેદારોને પ્રેરણાપીઠ ધ્વારા જે પ્રવર્તીઓ ચાલે છે તેમજ અત્યારે જે પ્રેરણાપીઠમાં જોવામાં આવે છે તે કોઈપણ રીતે મુસ્લીમ નથી એવું જાત તપાસમાં એ લોકોએ જાણ્યુ છે એ બાબતની જાહેરાત આપીને બન્ને સમાજને સાથે બેસી સમાધાન કરવાનો આગ્રહ કરેલ છે ખરેખર કચ્છમિત્રમાં જાહેરાત આવ્યા બાદ તેનો જે જવાબ આપણે આપેલ તેના પહેલા આપણા કેન્દ્રીય સમાજના હોદેદારો, ટ્રસ્ટી આગેવાનોએ પ્રેરણાપીઠમાં રૂબરૂ મુલાકાત લઈ સર્વે કરવાની જરૂર હતી તેના પછી જ કચ્છમિત્રમાં જવાબ આપવાની જરૂર હતી એવુ હું માનુ છું.

...૧૯...

બરાબર આજ કારણો છે કે આપણી જ્ઞાતિ સતપંથ બાબતે કડક વલણ અપનાવે છે.

પીરાણા સતપંથ દ્વારા અપનાવવામાં આવેલ તાકીયા રણનીતિથી છેતરી લોકોને પીરાણા તરફ અકર્ષવાનું ષડયંત્ર કરવામાં આવે છે.. જેમાં અમુક લોકો ફસાય છે.. પણ આપણે ન ફસાવવું એ વધારે મહત્વનું છે.

કારણ કે આવા કામોથી અન્ય જ્ઞાતિ કે સમાજને કોઈ ફરક પડતો નથી. પણ આપણને ફરક પડે છે. ઈમામશાહએ આપણી જ્ઞાતિને વિધર્મી / મુસલમાન બનાવવા સતપંથ આપણને બતાવ્યો.. જેનાથી આપણું બહુજ મોટું નુકસાન થયું.. જેના વિરુદ્ધ પૂજ્ય કેશરા પરમેશ્વરા, નારાયણ રામજી, રતનશી ખીમજી અને સંત ઓધવરામ, જેવા મહાન સુપુતો લડ્યા. આપણે જો સતપંથના કાર્યક્રમોમાં જવા લાગ્યા તો સતપંથ આપણાં ઘરોમાં ઘૂસી જશે પણ અન્ય જ્ઞાતિઓના ઘરોમાં ઘૂસસે નહીં. માટે આપણને સતપંથથી બહુ ચેતીને રહેવું જરૂરી છે.

કેન્દ્રીય સમાજના મહામંત્રી દ્વારા આપેલ જવાબને ઊંઝા કોઈ જવાબ આપેલ નથી એટલે કે એક રીતે સ્વીકારી લીધો છે એટલે હવે એમાં કઈં વધારે કરવાનું રહેતું નથી.

વર્ષ 2023ના પ્રથમ સનાતની અધિવેશનમાં 2 કામ મુખ્ય થયા..
1) ક. ક. પા. સનાતની જ્ઞાતિ તરીકે અલગ ઓળખ ઊભી થઈ, જેમાં સતપંથીઓને સ્થાન નથી.
2) સતપંથીઓ માટે સનાતન સમાજના દરવાજાઓ મોટે ભાગે બંધ થયા.

જેથી સતપંથી ઉપર ખૂબ દબાણ નિર્મિત થયું.

આવી વાતો સતપંથી કરે છે.. પણ આવી વાતોની ચાલ સમજવા માટે પહેલાં એક પ્રશ્નનો ઉત્તર દેવશંકરભાઈએ આપવો પડે.
દેવશંકરભાઈના હિસાબે પીરાણામાં બધું બરાબર ચાલે છે, તો પછી તારીખ 15-07-2023ના (સનાતની અધિવેશનના 2 મહિના પછી) ઈમામશાહનું નામ બદલી ને હંસતેજ શા માટે રાખવામાં આવ્યું? કાયદો હાથમાં લઈ.. ઈમામશાહની કબર તોડીને એને સમાધિનો રૂપ શા માટે આપવામાં આવ્યું?
તમારા હિસાબે તો બધું બરાબર હતું ને.. વર્ષ 2010માં પણ બધું બરાબર હતું.. તો પછી આ ફેરફારો કેમ કર્યા?

વાસ્તવમાં વાત અહીં એ છે કે સનાતની અધિવેશનમાં લેવાયેલા નિર્ણયોથી સતપંથીઓ સમજી ગયા છે કે હવે એમને પોતાનું અસ્તિત્વ ટકાવવું હશે તો બાહ્ય રીતે હિન્દુ દેખાવ વધારવો પડશે. ઊંઝાના ચુકાદામાં જણાવ્યા પ્રમાણે એમના ઇસ્લામી બીજ 1) ઈમામશાહ 2) નિષ્કલંકી નારાયણ (અલી) 3) સતપંથના શાસ્ત્રો અને 4) પીરાણાની દરગાહને બચાવવું હશે તો હિન્દુ દેખાવ વધારો જેથી હિન્દુઓ ભરમાઈ જાય. દેવશંકરભાઈ આ વાતથી ભરમાયેલા હોય એવા હિન્દુ દેખાય છે.

કોઈ દિવસ એવું જોયું છે કે RSS, VHP, વગેરે આગેવાનો ઉમિયા માતાજી ઊંઝા કે સ્વામિનારાયણ કે અન્ય કોઈ શુદ્ધ હિન્દુ સ્થળોને કહે કે તમે હિન્દુઓની સંસ્થા છો એવું અમે પ્રમાણિત કરીએ છીએ? પીરાણા માટે જ આવું કેમ કહેવામાં આવે છે?
કારણ સ્પષ્ટ છે કે VHP, RSS વગેરે ઘરવાપસીના કાર્યક્રમો જોરમાં ચલાવે છે.. અને એ લોકો બારબર જાણે છે કે જે લોકો હિન્દુ નથી એમને હિન્દુ-હિન્દુ કહીં ખાસ એમના યુવાનોના મનમાં હિન્દુ માટે ગૌરવ જગાડી એમને ધીરે ધીરે હિન્દુ બનાવી દો. આ એમની કાર્યશૈલી / રણનીતિ છે.. જે પીરાણામાં પણ વાપરે છે.
હજી પણ ધોળકાના સતપંથીઓ જાહેરમાં મુસલમાન સૈયદની પૂજા કરે છે અને સૈયદને નિષ્કલંકી નારાયણ અવતાર માને છે. એ વાત પણ ધ્યાનમાં રાખવી જોઈએ.
તેવી રીતે બાકરશાહ બાવાને માનનારા લેવા પટેલ, અન્ય મુસલમાન સૈયદને માનનારા રબારી સમાજ વગેરે છે.. જે બધા સતપંથમાં ફસાયેલા છે.

Link: https://www.realpatidar.com/a/series97



હિંદુઓના મોટામોટા ગાદીપતિઓ, મહામંડલેશ્વરો, શંકરાચાયો , જગદગુરૂઓ જે પ્રેરણાપીઠને હિંદુ સંસ્થા ગણે છે. વિશ્વ હિંદુ પરીષદ તેમજ આર.એસ.એસ. જેવી હિંદુવાદી સંસ્થાઓ પ્રેરણાપીઠને હિંદુ સંસ્થા ઘણીને અખિલ ભારતીય લેવલના કાય ક્રમો પ્રેરણાપીઠમાં રાખે છે. અત્યારે ઉમિયા માતાજી ઉંઝા, ઉમિયા માતાજી સિદસર, વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન વગેરે પ્રેરણાપીઠને હિંદુવાદી ગણે છે અત્યારે હાલમાં અમદાવાદ પ્રેરણાપીઠમાં હનુમાનજી તેમજ શંકર ના મંદિરની પ્રાણપ્રતિષ્ઠા ના ભવ્ય પોગ્રામમાં આ બધી સંસ્થાના હોદેદારોએ હાજરી આપી હતી અત્યારે સતપંથ પ્રત્યે અભાવ ફકત કચ્છ કડવા પાટીદારોના સનાતની ભાઈઓને જ છે (તેમાં પણ ઘણાબધા સનાતનીઓ ને નથી) આપણી કેન્દ્રીય સમાજના ૧૯૬૦ ના સમયના પણ સતપંથી જોડે વિચારભેદ હોવા છતા વિરોધ ન હતો ચોરી અને ચેહ નો આગ્રહ રહેતો અગાઉ ૧૯૨૨ ના સમયસુધી ચોરી (લગ્નવિધી) મુસ્લીમની રીતે મુખી છાંટ નાખી (નિકાહ જેવુ) લગ્ન કરાવતા તે લગભગ ૧૯૨૩ થી નાબુદ થઈ ગયુ છે ત્યારબાદ લગ્નવિધી બ્રાહમણોથી કરાવવામાં આવે છે તે બાદ અગ્નિ સંસ્કાર (ચેહ) બાબત રહી ગયેલ જે સતપંથ સમાજ તરફથી હજુ સુધી સંપૂણ પણે નાબુદ થયેલ નથી. એ એક અફસોસની વાત છે જોકે ઘણા સતપંથી ભાઈઓ અગ્નિ સંસ્કાર કરે જ છે. જયારથી ઠરાવ નં. ૧૮ અને ૧૯ કરવામાં આવેલ ત્યારથી સમાજ તરફથી આ બનેં ઠરાવોનું ચુસ્તપણે પાલન કરો પછી ગમે તે સંપ્રદાયમાં માનતા હો એનો કોઈ વાંધો નથી. એવો સમાજ તરફથી નિયમ બનાવવામાં આવેલ જે બાબત ઉપર જ સમાજનો આગ્રહ હતો જે ૨૦૧૦ સુધી આ જ બાબત ચચા માં રહેતી હતી આપણી સમાજમાં જ્ઞાતિજનો ઘણા બધા સંપ્રદાયોને અનુસરે છે જેવા કે સ્વામિનારાયણ, સ્વાધ્યાય પરીવાર, ગાયત્રી પરીવાર, કબીર પંથ, આય સમાજ, આ બધા સંપ્રદાયના વિચારોમાં જનરલી એક મત નથી પરંતુ આ બધા સંપ્રદાયોના પોત પોતાના બેઝ નકકી છે જેવા કે શિક્ષાપત્રી, ગીતા, પ્રજ્ઞા પુરાણ, કબીરવાણી, વેદ. જયારે આપણી કેન્દ્રીય સમાજ કહે છે કે આપણા ઈષ્ટદેવ લક્ષ્મીનારાયણ છે અને લક્ષ્મીનારાયણ ને માનવુ જોઈએ પરંતુ જે લક્ષ્મીનારાયણ સંપ્રદાય કહીએ છીએ તેનો કોઈ બેઝ જ આપણે હજુ સુધી નકકી કરી શકેલ નથી એ પણ એક હકિકત છે આ બાબતમાં વધારે ઉંડા ઉતરવા કરતા મારુ સુચન છે કે આપણી સમાજે જે ઠરાવ નં. ૧૮ અને ૧૯ નું પાલન કરવાનું જે નિયમ બનાવેલ તેને જ વળગી રહેવાની જરૂરત છે પછી ગમે તે સંપ્રદાયને કેમ માનતા ન હોય. હવે એક વિચારવા જેવી વાત છે

...૨૦...

આ વિધિ સંપૂર્ણ રીતે નાબૂદ થયેલ નથી.

જાહેરમાં ઓછી થઈ છે એનું કારણ એ છે કે સતપંથી બાહ્ય રીતે હિન્દુ સમાજમાં રહે છે અને લગ્ન વખતે હિન્દુ મહેમાન આવે ત્યારે મુસલમાન લગ્ન વિધિ કરે તો બધાને ખબર પડી જાય કે આ લોકો તો અંદરથી મુસલમાન છે એટલે જાહેરમાં આ વિધિ થતી નથી એમ કહી શકાય.

આ વાત તદ્દન ખોટી છે. 1960ના અધિવેશનના ભાષણો વાંચશો તો ખ્યાલ આવશે કે વડીલોએ સતપંથ છોડવાની અપીલ કરેલ છે.

સતપંથ છોડેલ લોકો પાછા સતપંથમાં ન ફસાય એના માટે સંત ઓધવરામ મહારાજનું સપનું હતું કે સનાતનીઓ શિક્ષિત બને.. એ સપનાને પૂરું કરવા માટે નખત્રાણામાં બોર્ડિંગ બનાવવામાં આવી હતી.. જેનો સતપંથીઓએ તે સમયે જાહેરમાં વિરોધ પણ કરેલ હતો.

હવે ધર્મની ટીકા કરવા પર ઉતરી આવ્યા.
જેણે ખબર ન હોય એમને જાણવું જોઈ કે દેવશંકરભાઈ આર્ય-સમાજી છે. સતપંથ સામે લડત આપવા માટે સંસ્કાર ધામ ઊભું થયું. કેન્દ્ર સમાજ, સંસ્કાર ધર્મ, ઉમિયા માતાજી વાંઢાય, સ્વામિનારાયણ બધા સંપ્રદાયો સાથે મળીને સતપંથ બાબતે જાહેરાત કે નિર્ણયો લેતા હોય છે.. માત્ર આર્ય સમાજ એવો છે કે જ્યારે અપષ્ટ વલણ લેવાની વારી આવે તો સમાજ સાથે ઊભો નથી રહેતો. (જોકે બધા આર્ય સમાજી આવા નથી).

છેલ્લા કેટલાક વર્ષોમાં સમાજ દ્વારા પ્રકાશિત થયેલ જાહેરાતો જોશો તો આર્ય સમાજ કોઈ દિવસ કેન્દ્રીય સમાજ સાથે નથી દેખાતો.. આ બાબતે આર્ય સમાજને જરૂરીથી વિચારવું પડશે.
રોજડની આર્ય સમાજ તો પીરાણાના કાર્યક્રમમાં પણ હાજરી આપે છ, એમનું પીરાણાની પત્રિકામાં નામ પણ છપાયેલ છે...
આ બધુ તમારા જાણ માટે.

આગાઉ જણાવ્યા પ્રમાણે આ વાત ખોટી છે. પણ થોડી વાર માટે સાચી માંની લઈએ તો પણ આ ઠરાવ વર્ષ 1977માં થયા હતા.
એના પછી સમય સમય પર ઠરાવો અને નિયમોમાં બદલાવ થતા રહ્યા છે. ઊંઝાના ચુકાદા પછી વિશેષ સભામાં ઘડવામાં આવેલ નિયમો અને છેલ્લે 2023ના પ્રથમ સનાતની અધિવેશનમાં ઘડવામાં આવેલ નિયમોનું પાલન કરવાનું પણ રહે છે.

આ તો કેવું થયું કે પહેલાં બાળ લગ્ન થતાં હતાં એટલે હવે પણ અમને બાળ લગ્ન કરવા દો એવી વાહિયાત અને હલકી વાત કરે છે.

આ વાત તદ્દન ખોટી છે.. મુસલમાનની ઓળખ એની દફન વિધિ નથી.. એ કોની પૂજા કરે છે એનાથી થાય છે.. માટે કોઈ મુસલમાન અલ્લાહ કે અલી કે મુહમ્મદની પૂજા કરે અને પછી અગ્નિ સંસ્કાર કરે તો એનાથી એ મુસલમાન નથી મટી જતો. બાકી તાકીયા પાળતો મુસલમાન બધુંજ કરી શકે.. હિન્દુ દેવોની પૂજા પણ કરી શકે, હિન્દુ હોવાનો બનાવટી દાવો પણ કરી શકે એ ભૂલવું ન જોઈએ. )મુંબઈ હાઈ કોર્ટ દ્વારા વર્ષ 1866ના સતપંથને લઈને "આગા ખાન કેસ"માં કહેલ છે.

મુસલમાનો દ્વારા અગ્નિ સંસ્કાર કરવા, હિન્દુ સાધુ બનીને ઉપદેશ આપવું (આજકાલ આવા ઘણા બનાવટી સાધુ ફરે છે જેના વિડીયો આપણે જોયા હશે જ) વગેરે કોઈ કરે તો શું તેમણે (આવા બનાવટી લોકોને) હિન્દુ ગણાય ? ના. આવું ભૂતકાળમાં આપણાં વડીલો દ્વારા આ ભૂલ થઈ ગઈ હતી. જેના પરિણામો આપણે આજે પણ ભોગવી રહ્યા છીએ. આવી ભૂલ દેવશંકર ભાઈ માત્ર કરી નથી રહ્યા પણ બીજા પાસે કરવી રહ્યા છે.. જે પાપ છે.



અહીં ઘણી બાબતોમાં યુક્તિ પૂર્વક અર્ધ સત્ય ગોઠવેલ છે.. આપને યાદ હશે કે નજીકના ભૂતકાળમાં દેવપરના વડીલ વિશ્રામભાઈ રૂડાણીએ બનાવટી વાર્તાઓ રચી અને આવા મતલબની એક પુસ્તિકા પ્રકાશિત કરી હિન્દુઓને ભ્રમિત કરવાના પ્રયાસો કરેલ હતો.

જેણે જ્ઞાતિના ધાર્મિક ઇતિહાસની જાણકારી ન હોય એમને સમાજ દ્વારા પ્રકાશિત "ઘરવાપસી" પુસ્તક વાંચી લેવું જોઈએ. અને સતપંથ બાબતે "સતપંથ છોડો" પુસ્તક વાંચી લેવું જોઈએ.

અહીં જણાવેલ ફેરફારો એ બધું ઈમામશાહ અને એમના દાદા પીર સદરૂદ્દીન દ્વારા ઘડવામાં આવેલ પ્લાન પ્રમાણે હિન્દુઓને મુસલમાન બનાવવા સૌમ્ય ધર્મ પરિવર્તન માટે હતા

ઈમામશાહ એટલે એક મુસલમાનને ભોળવીને કે પરચાથી આપણે ધર્મ ગુરુ માનીને ભૂલ કરેલ છે એવું એમણે પોતે લખ્યું છે. અવભાવિક કજ્જે કે પછી એ મુસલમાન ધર્મગુરુ એમના અનુયાયીને મુસલમાન બનાવે જ.. તો બીજું શું કરે?

કે આ વિશ્વમાં કોઈપણ પોતાને મુસલમાન તરીકે ગણતો હોય અને અગ્નિ સંસ્કાર કરતો હોય એવો એક પણ મુસલમાન નહી મળે. અગ્નિ સંસ્કાર કરે એટલે એ મુસલમાન નથી તે હિંદુ જ છે એ નકકી માનવુ જ પડે હવે અહી સતપંથના ભાઈઓને જણાવવું કે આપણા વડીલોએ ઈમામશાહ ની વાતોથી ભોળવાઈને કે કોઈ ઈમામશાહના પરચાથી ઈમામશાહને વિ.સં.૧૫૯૨ કારતક સુદ બીજ શુક્રવાર (ઈ.સ. ૧૫૨૪)ના દિવસથી ગુરૂ તરીકે સ્વીકારેલ અને તે બાદ છેક વિ.સં.૧૮૩૨ સુધી એટલે કે ૨૪૦ વષ સુધી આપણા વડીલો અગ્નિ સંસ્કાર કરતા રહયા છે બ્રાહમણોથી કમ કાંડ કરાવતા રહયા છે બારોટ થી વહીવંચો કરાવતા હતા એટલે ઈમામશાહે આપણા વડીલોને ભુમિદાહ કરવા માટે કહેલ ન હતુ તે આનાથી નકકી થાય છે વિ.સં.૧૮૩૨ પોષ વદ તેરસનાં સૈયદ વલીમીંયા અને પ્રાગજી કાકાએ નખત્રાણામાં આખા પાંચાડાના આપણા વડીલોને ભેગા કરીને આપણા વડીલો (ગેઢેરાઓ) ને એવુ કહેલ કે હવેથી અગ્નિ સંસ્કારને બદલે દરેકે ભુમિદાહ કરવાનો રહેશે અને બ્રાહમણો તેમજ બારોટનો બહિષ્કાર કરવાનો છે તે વખતના હાજર વડીલોની સહી સાંખો લઈને નકકી કરેલ અને એવુ જાહેર કરેલ કે હવેથી આ નિયમોનો વિરોધ કરશે તે નાત નો ગુનેગાર ગણાશે અને તેને નાતબહાર કરવામાં આવશે એટલે કે આપણા વડીલોએ ઈમામશાહને ગુરૂ બનાવ્યા બાદ ૨૪૦ વષ સુધી અગ્નિ સંસ્કાર કરેલ છે પાછળથી આ સૈયદોની ચાલ હતી જેનો અત્યારે સતપંથના ભાઈઓ આવા સૈયદો સામે લડત ચલાવે છે સૈયદો સામે કેસો ચાલે છે તો આ બાબતે ખાસ વિચારીને અગ્નિ સંસ્કારનો અમલ સનાતન સમાજ વાળા કહે કે ન કહે પરંતુ અગ્નિ સંસ્કાર સતપંથના અમુક ભાઈઓ જે હજુ સુધી કરતા નથી એમને સમજાવીને અગ્નિ સંસ્કાર કરાવવા જોઈએ અગ્નિ સંસ્કાર બાબતે અમુક સતપંથના ભાઈઓ વેદ નો સહારો લે છે તે બાબતે મેં ૧૯૮૫ આસપાસ આખા કચ્છના સતપંથી ભાઈઓને દેવપર(યક્ષ) મુકામે ભેગા કરી શાસ્ત્રાથ કરાવેલ હતો તે બાબતની તે વખતના સતપંથી ભાઈઓ હાજર હતા અને અત્યારે જીવીત હશે એમને ખ્યાલમાં જ હશે તેમ છતાં હજુ પણ વેદ ને લઈને આ બાબતે શાસ્ત્રાથ કરાવવુ હશે તો તે બાબતની પણ ગોઠવણ થઈ શકશે આવો શાસ્ત્રાથ ગોઠવવો હોય તો મારો સંપક કરશો. બાકી હવે સમાજના ઠરાવ નં. ૧૮ અને ૧૯ નો અમલ સમાજના દરેક જ્ઞાતિજનોએ કરવો જોઈએ. આ બે ઠરાવોનો ફરજીયાત અમલ કરવાનું ઠરાવીને બાકી બધા સંપ્રદાયોના નિયમો બનાવેલા છે તે કાઢી નાખવાથી જ જ્ઞાતિમાં જે વિવાદો ચાલે છે તો જ તેનો

Link: https://www.realpatidar.com/a/series97

...૨૧...

આ વાતને આપણે સમર્થન આપવું જોઈએ. પણ પહેલાં ઠરાવ ક્રમ 18 નું ચુસ્ત પાલન કેવી રીતે થાય? ઠરાવ નં 18 પ્રમાણે જન્મ થી મરણોત્તરના તમામ સંસ્કારો હિન્દુ રીત રિવાજો મુજબના હોવા જોઈએ. હિન્દુ રીત રિવાજો મુજબ દરગાહને માનવાનું નથી આવતું.. મુસલમાનની પૂજા કરવાનું નથી આવું.. મસ્જિદમાં જવાનું નથી આવતું.. કબરોની પૂજા કરવી નથી આવતું. અહીં "સંપ્રદાય" એટલે હિન્દુ સંપ્રદાય, મુસલમાન સંપ્રદાય નહીં (આ બાબતે આગાઉ પેજ 8 અને 9માં વિસ્તૃત જાણકાર આપેલ છે).

જો સતપંથી ખરેખર ઠરાવ ક્રમ 18 નું પાલન કરે તો એ લોકોમાં મુસલમાની બીજ એટલે 1) ઈમામશાહ, 2) નિષ્કલંકી નારાયણ (અલી), 3) સતપંથના શાસ્ત્રો અને 4) પીરાણાની દરગાહ (ઈમામશાહની કહેવાતી સમાધિ) ને કાયમ માટે છોડી દેવું પડે. જેથી એમના ધર્મમાંથી ઇસ્લામી બીજ નીકળી જાય. આવું થાય તો અતિ ઉત્તમ.

Link: https://www.realpatidar.com/a/series97



અંત આવી શકે આને લઈને પાટીદારના જ્ઞાતિ રીત રીવાજોમાં નીચે મુજબનો ફેરફાર કરવો જોઈએ એવો મારો અંગત મત છે ઠરાવ નં. ૧ થી ૧૯ સુધી રાખીને ૨૦ માં ઠરાવમાં નીચે લખેલ બે બાબતો લખવી જોઈએ

ઠરાવ નં. ૨૦ :

૧. ઠરાવ નં. ૧ થી ૧૭ સુધીના રીત રીવાજો માટે ઠરાવો નકકી કરવામાં આવેલ છે જે જ્ઞાતિજનોના હિતને ધ્યાનમાં રાખીને સમાજે બનાવેલા છે જેનુ દરેક જ્ઞાતિજનોને પાલન કરવા ખાસ જરૂરી છે માટે આ સમાજ દરેક જ્ઞાતિજનોને આ ઠરાવોનું પાલન કરવા માટે ખાસ ભલામણ કરે છે.

૨. નિતી નિયમો ઠરાવ નં. ૧૮ અને ૧૯ નું દરેક જ્ઞાતિજનોએ પાલન કરવુ ફરજીયાત છે જે જ્ઞાતિજનો આ ઠરાવ નં. ૧૮ અને ૧૯ નું પાલન નહી કરે તેનું સભ્યપદ રદ કરવામાં આવશે જેની દરેક જ્ઞાતિજનોએ ખાસ નોંધ લેવી.

અત્યારે જે નવી બુક છાપીને બહાર પાડેલ છે તેમાં ૨૩ મો ઠરાવ છે તેને ૧૯ માં ઠરાવ તરીકે લઈ ઉપર મુજબ ૨૦ મો ઠરાવ લઈ નકકી કરીને બાકીના સતપંથ સમાજને લગતા નિયમો માટે જે ઠરાવો કરેલા છે તે કાઢી નાખવા જોઈએ અને નવેસરથી બુક છપાવીને બહાર પાડવી જોઈએ મે આ પત્રમાં લખેલ વિગતો દરેક જ્ઞાતિજનોને યોગ્ય લાગતી હોય તો કેન્દ્રીય સમાજમાં આ બાબતની આગળ આવીને ઝુંબેશ ચલાવવી જોઈએ ફકત ઠરાવ ૧૮ અને ૧૯ ના ચુસ્ત પાલન કરાવવા સિવાય સંપ્રદાયની વાતોને તિલાંજલી આપવામાં આવશે તો જ સમાજમાં કાયમી શાંતિ થશે નહીંતર વિવાદો ચાલતા રહેશે.

અત્યારે માંડવી હોસ્ટેલ (પાટીદાર સવો દય ટ્રસ્ટ) નો વિવાદ તેમજ લક્ષ્મીનારાયણ કેન્દ્રસ્થાનમાં જે વિવાદ ઉભો થયેલ છે, વાંઢાય ઉમિયા માતાજી પ્રત્યે કેન્દ્રીય સમાજનો જે વિચારભેદ છે તે સર્વેનો નિરાકરણ આથી આવી જાય તેમ છે.

ઉપર લખેલ હકિકતો કેન્દ્રીય સમાજના અત્યારના હોદેદારો, ટ્રસ્ટીઓને યોગ્ય લાગતી હોય અને સતપંથના આગેવાનો સાથે બેઠક કરી જે કાંઈ બીજી બાબતનો (ખાસ અત્યારે જે કેસો ચાલે છે તે માટે) ઉકેલ લાવવો હોય તો મને જણાવશો તો તે માટેની ગોઠવણ થઈ શકશે અત્યારે સતપંથ સમાજના હોદેદારો કોણ છે તેની સાથે મારો કોઈ સંપક નથી તેમ છતા તેની ગોઠવણ થઈ શકશે.

...૨૨...

જ્ઞાતિ રીત રિવાજો ઘડવામાં આવતા હતા ત્યાર..
1) ફેરફારો સૂચવવા માટે નખત્રાણા ખાતે એક વિશેષ સભા બોલાવવામાં આવી હતી, એમાં કઈ બોલ્યા નથી.
2) નખત્રાણાની એમની સ્થાનિક સમાજ (તેમજ કોઈ પણ અન્ય સમાજ) તરફથી પણ આવું કોઈ સૂચન આવેલ નથી. પોતાની સમાજમાં તો સૂચન આપી શકતા હતા ને..
3) પત્ર લખીને direct કેન્દ્રીય સમાજને સૂચન મોકલી શકતા હતા..

તો ત્યારે આવું કેમ ન કર્યું ?

આખી કચ્છ કડવા પાટીદાર સનાતની જ્ઞાતિએ પોતાના પ્રથમ સનાતની અધિવેશન 60 હજારથી પણ વધારે લોકોની જંગમ અભૂતપૂર્વ હાજરી વચ્ચે સર્વાનુમતે પસાર કરેલ ઠરાવોને તોડી પાડવાની વાતો કરે છે.

જે થી એમની હલકી તેમજ ઓછી માનસિકતાનું દર્શન કરાવે છે. અને અપરિપક્વતા અને બૌદ્ધિક નથી એ પણ સાબિત કરે છે.

ઠરાવ નં 18 અને 19 ને વર્ષ 1977ના અધિવેશનમાં પાસ કરેલ હતા. આવડા વર્ષોમાં સતપંથને લઈને અનેકો જગડાઓ થયા અને સતપંથીઓ સનાતનીઓને હેરાન કરતા રહ્યા છે.

પણ જ્યારથી સતપંથીઓ માટે મોટાભાગના દરવાજાઓ બંધ કર્યા છે અને સનાતની જ્ઞાતિ તરીકે પોતાની ઓળખ અલગ કરી છે, ત્યારથી સમાજમાં ખૂબ શાંતિ થઈ છે.. સમાજની મિટિંગો પણ ખૂબ સરસ રીતે થાય છે.
ધીરે ધીરે બાકી રહેલા વિવાદો પણ સમી જશે એમાં કોઈ બેમત નથી.

દેવશંકરભાઈ એ ઘરવાપસી પુસ્તક, સતપંથ છોડો પુસ્તક તેમજ પ્રથમ સનાતની અધિવેશનનું સ્મૃતિ ગ્રંથ વાંચેલ નથી. જે વાતની એ સલાહ આપે છે એના પ્રયત્નો થઈ ચૂક્યા છે.. સનાતનીઓના આ પ્રયાસોના બદલામાં સતપંથીઓએ વધુ કેસ કરવાની ધમકી આપેલ છે અને સનાતની બનવાની ચોખ્ખી ના પાડી દીધેલ છે. ઉપરના પુસ્તકોમાં પ્રયાસો અને વિગતો જણાવેલ છે

(૨૨)

મેં જે ઠરાવ નં. ૧૮ અને ૧૯ ના પાલન કરવા તેમજ સંપ્રદાયવાદ કાઢી નાખવાની વાત કરેલ છે તે યોગ્ય ન લાગે તે માનવા માટે હું કોઈને પણ દબાણ ન કરી શકુ અત્યારે પણ મને આ બાબતે કાંઈપણ કરવાની કે કહેવાની અથવા લખવાની ઈચ્છા ન હતી પરંતુ મારા મનથી એવુ લાગેલ કે હું આ બધુ જાણુ છું કે માનુ છુ તે બાબતે મૌન રહેવાથી મને પોતાને જ વિશ્વાસઘાત કરતો હોઉ એવુ લાગ્યું એટલે આ વિગતવાર હકિકત દરેકને જણાવુ છું. શાંતિથી મનન કરી વાંચી જવા આથી સર્વેને વિનંતી કરુ છું. આખરી નિર્ણય દરેક જ્ઞાતિજનો તેમજ કેન્દ્રીય સમાજે લેવાનો છે.

અસ્તુ : દેવશંકર સોમજી ધનાણી – નખત્રાણા
ભુતપૂર્વ મહામંત્રી તેમજ પ્રમુખ
શ્રી અખિલ ભારતીય ક.ક.પાટીદાર યુવકસંઘ
મો.નં. ૯૮૨૫૬ ૬૦૧૦૦ / ૯૪૨૬૦ ૬૬૬૨૪

ઉપર જણાવ્યા પ્રમાણે તમારી જાણકારી અને માન્યતામાં ધરખમ ફેરફારો કરવાની જરૂર છે. તમારે હજી ઘણી બધી જાણકારી લેવાની જરૂર છે. સૌથી મહત્વનું કે જમાઈ પ્રેમથી મુક્ત થઈને પરિસ્થિતિનું આકલન કરવાની જરૂર છે. જો તમારા જમાઈને ખરેખર તમારા ઉપર પ્રેમ હોત, સમાજની એકતાની સાચી ચિંતા હોત, તો આજે એ ચોખ્ખા સનાતની બની ગયા હોત, સતપંથી બની રહેવાની એમણે કોઈ જરૂર પણ નથી અને કોઈ ફાયદો પણ નથી. પણ તમારો તો માત્ર એક તરફી પ્રેમ દેખાય છે. મહાભારતના ધૃતરાષ્ટ્રની જેમ તમે આ ભૂલ કરતા નહીં. દીકરી-જમાઈ પ્રેમમાં ફસાઈ સમાજનું નુકસાન ન કરાય.

તમને સમાજના ઘણા આગેવાનો (પ્રેમજીભાઈ કેશરાણી સહિત) વિનંતી કરેલ છે કે તમે તમારા એક સતપંથી જમાઈને સમજાવીને સનાતનમાં લાવી દો. ત્યારે આપે જણાવેલ છે કે હું સમજું છું કે શું સાચું કે શું ખોટું, મેં બનતા પ્રયત્નો કર્યા, પણ મારાથી મારા જમાઈને વધારે કહેવાતું નથી, માટે તમે મારા જમાઈને સમજાવો. પ્રેમજીભાઈ અને અન્ય લોકો તમારા જમાઈને રૂબરૂ મળે સમજાવવાના પ્રયત્નો કરેલ છે, પણ તમારા જમાઈ માન્ય નથી. આ વાત જે તમે સમાજના વડીલો સામે અંદરખાને કરો છે એ વાત જાહેરમાં કરો તો બધુ સારું થઈ જશે.. તમારા 4 માંથી એક સતપંથી જમાઈ પણ જલ્દીથી સનાતની બની જશે... માત્ર વિશ્વશ રાખી મક્કમતાથી આગળ વધવાની જરૂર છે. તમારી દીકરી અને જમાઈ બાબતે તમારી ચિંતા પણ જરૂર દૂર થઈ જશે.

આનો ખુલાસો ઉપર કરેલ છે.

Link: https://www.realpatidar.com/a/series97



## રમેશભાઈ વાગડિયાની સમાજમાં એન્ટ્રી..

રમેશભાઈ વાગડિયા :- ખોંભડીવાળા ઉપર કેસ કરવામાં આવ્યો તે શા માટે કરવામાં આવ્યો તે દરેક પાટીદારો જાણવા સમજવાની કોશીશ કરો. રમેશભાઈ તા. ૧૩-૧૦-૨૦૦૫ના રોજ એક ૧૦ પેજની પુસ્તીકા બિભત્સ ભાષામાં છપાવી. બીજા સંપ્રદાયના ભાઈઓની લાગણી દુભાવી ત્યારે કોઈ એક વ્યક્તિ દ્વારા કેસ કરેલ, તે કેસ પાંચથી છ વર્ષ ચાલેલ. કોર્ટમાં હાજર ન થતાં તેનું વોરંટ નિકળેલ તો તેમાં પોતે કાર્યવાહી જે કરેલ તેમાં સમાજની મંજૂરી લીધી નહોતી. તેમાં પોતે જ જવાબદાર છે. તકલીફ પડી ત્યારે ભાઈને ખબર પડી અને સમાજ પાસે આવ્યા.

રમેશભાઈ કેન્દ્રીય સમાજમાં આથી અગાઉ ક્યારે એમની સેવા આપેલ હોય કે એમની હાજરી ક્યારેય જોઈ નથી. એમને સમાજની પ્રજાની સેવા માટે ફુરસદ નહોતી. કેસ થયો ત્યારે સમાજના દ્વારે ચડ્યા. કેન્દ્રીય સમાજ દ્વારા તા. ૨૭-૨-૨૦૧૦ સભ્યપદ બનાવવાનું બંધ કરેલ હતું, છતાં પાછળના દરવાજેથી બે નંબરમાં ૨૭-૪-૨૦૧૦ના કેન્દ્રીય સમાજના સભ્ય બન્યા છે. આજે આ ભાઈ હજી ખોંભડીમાં બીજે ક્યાંય સામાજિક કોઈ જવાબદારી નિભાવતા હોય તેવું અમને જણાયું નથી.

આજે આ બીન જવાબદાર ભાઈ આખી સમાજ તેમજ એમના જૂના વડિલો તેમજ વર્તમાન સભ્યોને ભાંડવામાં કોઈ કસર રાખતાં નથી. અને આપણે તે સાંભળી તાળીઓ વગાડીએ અને જે ઠરાવો કરે તેને બહાલી આપીએ તે કેટલે અંશે સમજુ અને જવાબદાર હોદ્દેદારો માટે યોગ્ય કહેવાય જાગો ભાઈઓ જાગો.

રમેશભાઈએ હાલે પંચ સુત્રી કાર્યક્રમ સમાજને આપ્યો છે અને તે સમાજમાં પાસ કરાવવા માગે છે તે એક વ્યક્તિને સપનામાં આવે અને તેને છપાવી અને પ્રજાને એક સુત્રી કાર્યક્રમથી ઉશ્કેરી અને પાસ કરાવે, અને સમાજના હોદ્દેદારો પર પ્રેસર કરાવી મંજૂર કરાવે અને ત્યારબાદ અમલવારી કરાવવા મંજૂરી માંગે તે કેટલે અંશે યોગ્ય છે.

હેકડા ખંધાને બ્યા ખોણસીલા ત્રયા થધાને થોભી ,
કવી તે જ ચે ઈ સમાજ કી સુધરે જેંજા મોથા જ વે મોભી.

વિનંતી કરું છું.

**શ્રી બાબુલાલ લાલજી ભગત (કારોબારી સભ્ય, મૈસુર રોડ) :**
વિષયોક્ત પત્રનું વાંચન કેન્દ્રીય સમાજની તા. ૭-૮-૨૦૦૯ના નખત્રાણા ખાતે યોજાયેલ સામાન્ય સભામાં થયેલ. ત્યારે મારી હાજરી હતી. આ સનાતની ભાઈઓમાં ફક્ત પાંચ જણાએ જ વિવેચન કરેલ. કેન્દ્રીય સમાજે આ પત્ર ઉપર ખાસ ધ્યાન આપેલ ન હતું. હું પણ કેન્દ્રીય સમાજની કારોબારીનો સભ્ય છું અને મને ખબર છે કે આ પત્રવાળા પ્રશ્નોનો ઉકેલ માટે એક સમિતિની નિમણુંક થઈ ગયેલ છે. હું પણ માનું છું કે, આ પત્રના પ્રશ્નો સાચા છે પણ આગામી સ્વર્ણિમ મહોત્સવ હોવાથી સમય ખોટો છે. કોર્ટ કેસો બાબતમાં તેમના વિચારો આપતા બાબુભાઈએ જણાવેલ કે રસ્તે ચાલતા માણસો ઉપર કોઈ કોર્ટ કેસો કરતું નથી તેની પાછળ કાંઈક તો કારણો હોવાં જ જોઈએ. તે કારણોનો આપણે અભ્યાસ કરવો જોઈએ. ભાઈશ્રી રમેશ માવજી વાગડીયાએ અમારા ખોંભડી ગામમાં એક પત્ર લખેલ. જેના કારણે તેના ઉપર કોર્ટ કેસ થયેલ છે. હા, હું માનું છું કે, તેમના પિતાશ્રી માવજીભાઈ રતનશી અને દાદાશ્રી રતનશી નારણ ઉપર જે કેસો કરવામાં આવેલ છે તે સદંતર ખોટા છે. કેન્દ્રીય સમાજે કલમ ૧૮ અને ૧૯નું પાલન કરાવવું જોઈએ. તેની સાથે અન્ય કલમોનું પણ પાલન થવું જોઈએ. આપણા સનાતન ધર્મના ધર્મગુરુ હોવા જોઈએ. વિષયોક્ત પત્રને અનુમોદન આપવામાં આપણે બંધાઈ ન જઈએ તેનો ખ્યાલ રાખીને પત્રનું અનુમોદન આપવું જોઈએ.

*નોંધ : રમેશ વાગડીયા વિશે, બેંગ્લોર નિવાસી બાબુભાઈ ભગતે તેમની કારોબારીમાં આપેલ માહિતી. પાટીદાર સંદેશના અહેવાલમાંથી.*

આનો ખુલાસો ઉપર કરેલ છે.

Link: https://www.realpatidar.com/a/series97



# સતપંથ અને સનાતની વચ્ચે સમાધાન માટે ઔપચારિક વાતો

## વાંઢાય અને ભુજ

તા. ૧૨-૦૪-૨૦૧૦

આજ રોજ વાંઢાય ખાતે સતપંથ વાળા રતનસીબાપા અને સનાતની મંગલદાદાએ બંને વચ્ચે ચર્ચા કરી કે સમાજમાં હાલે સૂવર્ણ મહોત્સવ ઉજવવાનો છે અને આપણી સમાજમાં જે સંપ્રદાયનો વિવાદ વળી પાછો જાગ્યો છે. ત્યારે આ બાબતે કોઈ સમાધાન સંતોષકારક થાય તો આપણાં માટે તેમજ સમાજ માટે હિતમાં રહેશે. આ માટે નિચે મુજબના લોકો ભેગા થયા.

ધનજી ગોવિંદ સેંઘાણી (રાજપર), નારણભાઈ ચૌહાણ (દુજાપર), કેશુભાઈ પારસિયા (ભરૈયા), સુરેશભાઈ ચૌહાણ (લુડવા), ગંગારામભાઈ રામાણી (દેશલપર), દેવજીભાઈ લીંબાણી (ભુજ), પરષોત્તમ વાસાણી (વિરાણી નાની), રતનશી લાલજી વેલાણી (નવાવાસ), અરજણ પચાણ (મોમાયમોરા), પુંજા સવગણ (દેશલપર), ધનજી રામજી (દુર્ગાપર), જયંતિલાલ લીંબાણી (દેવપર), ગોવિંદ કરસન (નવાવાસ), જેઠા કાનજી (મેરાઉ).

ઉપરોક્ત તમામ સાથે વાંઢાય સવારના ૯ વાગે મળ્યા. સમાજની સંપ્રદાયી સમસ્યાના નિરાકરણ માટે જે સમાજમાં કેસ ચાલે છે તે બીનશરતી પાછા ખેંચવા અને શ્વેતપત્ર વિશે ખૂબ ચર્ચા કરવામાં આવી. આ કોલમ કાઢી નાખો, આ શબ્દ કાઢી નાખો, આમાં થોડા સુધારા કરો. બે કલાક ખૂબ ચર્ચાઓ ચાલી અને સમાજના ૧, / ૧૯ નિયમો છે તે પાટીદાર સમાજના દરેક સભ્યોને પાલન સખત રીતે કરવાનો રહેશે એવી વાતો થઈ પછી દેવજીભાઈ ટ્રસ્ટીએ વાત કરી કે જો હાલના સંજોગોમાં સમાજના હિતતમાં જો સમાધાન કરવું હશે. તો શ્વેત પત્રમાં કોઈ કાના-મંતરનો ફેરફારને અવકાશ નથી. માટે બીજી વાતો છોડો અને સારા માટે વિચારો આખરે સતપંથીઓ અને સનાતનીઓ વચ્ચે નીચે મુજબ નક્કી કરવામાં આવ્યું. (૧) સતપંથ સનાતન વચ્ચે જે ક્રિમીનલ કેસો છે, તે પાછા ખેંચવા. (૨) સમાજના જે બધારણમાં ૧ થી ૧૯ નિયમોનું દરેકે દરેક ને ચુસ્ત પણે પાલન કરવું. (૩) શ્વેતપત્ર હાલે જે સમાજ તરફથી બહાર પાડવામાં આવેલ છે, તેનું પાલન કરવું. ઉપરોક્ત ત્રણે મુદ્દાનું પાલન કર્યા પછી તમારી ઈચ્છા શું છે તેવું સનાતની તરફથી પૂછવામાં આવતાં તો એમની ઈચ્છા ફક્ત આપણાં સ્વર્ણિમ જયંતિના પોગ્રામમાં સમાજના પ્રમુખ રામજીભાઈ અને રતનસીભાઈ લાલજી વેલાણી બંનેના નામથી કચ્છમિત્રમાં જાહેરાત આવે કે આ સામાજિક મહોત્સવ પાટીદારો સૌ સાથે હળીમળીને અંદરના મતભેદ ભુલી જઈ ઉજવીએ એવું નક્કી કરવામાં આવ્યું. ઉપરોક્ત ચર્ચા પૂર્ણ કરી અને દેવજીભાઈએ ગંગારામભાઈ શાંખલાને ફોન કરી અને વાંઢાય બોલાવ્યા, જેમાં ગંગારામભાઈ શાંખલા, મોહનભાઈ ધોળુ, લાલજીભાઈ રામાણી ત્રણે જણા વાંઢાય આવ્યા. ઉપરોક્ત બધી વાત કરી સમજાવ્યા ત્યારે ગંગારામભાઈએ કહ્યું કે ધી બેસ્ટ વેરીગુડ. આવા ઈંગ્લીસમાં શબ્દો વાપર્યા અને આનંદથી એમને કિધું કે બપોર પછી ભુજ સમાજવાડીમાં આપણે સૌ સતપંથવાળા અને સનાતનીઓ સાથે મળી આ બાબતે નક્કી કરી લઈએ એવી વાત કરવામાં આવી. પછી અમો મહોત્સવની પત્રીકાઓ ભુજમાં આપવા નિકળેલ ૧૨-૩૦ વાગે જીલ્લા વિકાસ અધિકારી ડી.એસ.પી. કલેક્ટર અને સૌ અન્યોને આપવા નિકળ્યા. તે પત્રીકાઓ બપોર પછી ૪-૦૦ વાગે પૂર્ણ કરી અને ભુજ સમાજવાડીમાં સૌ સનાતની/ સમાજવાળા / અને સતપંથી ભેગા મળેલ અને નવેસર જે વાતો વંઢાય થઈ હતી તે વાતો પાછી કરવામાં આવેલ. અને દરેકને સમજણ આપેલ તેમાં થોડી ઘણી ગંગારામભાઈ સાથે વાતો થઈ પણ છેલ્લે તે વાંઢાય વાળી વાત પર બધા સહમત થયા, અને જ્યારે આ તમામ પ્રશ્નોનું જ્યારે લખવાનું આવ્યું ત્યારે ગંગારામભાઈને કોણ જાણે કેમ થયું એમના સ્વભાવ પ્રમાણે ફરી ગયા. આ લખાણમાં હું સહી નહીં કરું. કારણ કે શ્વેત પત્ર રામજીભાઈએ કાઢેલ છે. આવું કઈ દીધું. પછીતો ઘણાં બધાએ સમજાવવાની કોશીષ કરેલ આવું બધું સમુસુતરું સમાધાન થાય છે. તો આમાં આપણાં સૌની જવાબદારી છે. તમારી એકલાની નથી, માટે આ કિસ્સાને આપણે પુર્ણ કરી એ, આખરે કોણે એમણે ના પાડી તે ના સમજાયું. તે ન જ સમજાયું. પછી અરજણ સામજીએ વાત કરી કે તો પછી આવતી કાલે રામજીભાઈને પુછા કરી જુઓ આવું થતું હોય તો અમોએ હવે કચ્છ વાળા સતપંથીઓ આ બાબતે તૈયાર છીએ. આવતી કાલે બપોર સુધી આપને છુટ છે. બીજા દિવસે ૧૨.૦૦ વાગે રામજીભાઈને પૂછા કરી તો મને કોઈ વાતની ખબર નથી. આ પ્રશ્ન નિર્ણય વગર અહીં અધુરો રહ્યો. આ ગંગારામભાઈ સાંખલાના નેગેટીવ વર્તનને કારણે આ બધી વાત સતપંથના હોદ્દેદારો તૈયાર હોવા છતાં આ પ્રશ્નનો વિવાદ અધુરો રહી ગયો. આ તમામ વાતો ઓપચારીક હોઈ લેખીતમાં થઈ શકેલ નથી પણ તમામ વાતો સત્ય છે. એ હકીકત છે.

આનો ખુલાસો ઉપર કરેલ છે.

Link: https://www.realpatidar.com/a/series97



# મોટા કરે તે લીલા, નાના કરે તે નાટક...

- તા. ૨૫-૪-૨૦૧૩ : દુર્ગાપુર નવાવાસના વેલાણી પરિવારવાળાએ કથા વંચાવી તેમાં તમામ સતપંથી અને સનાતની ભાઈઓ ભેગા હતા. જેમાં મણીલાલ ભગત ઉપપ્રમુખ અને ઝોન પ્રમુખ વાસાણી હાજર હતા.
- તા. ૦૫-૦૫-૨૦૧૩ મોમાયમોરામાં કથાનું આયોજન કરેલ હતું જેમાં આખું ગામ સતપંથ અને સનાતન ભેગા રહી આયોજન કરેલ હતું જમણવાર સાથે લીધેલ હતું.
- તા. ૧૧-૦૫-૨૦૧૩ : નારાણ રામજી પોકારને ૭૫ વર્ષની ઉજવણીમાં ઘણાં બધા સતપંથીઓને આમંત્રણ આપી બોલાવેલ હતા અને તેઓ આવ્યા હતા. તેમાં રતનશી લાલજી વેલાણી અને પચાણભાઈનો છોકરો અને અન્ય ઘણા બધા હાજર હતા. આ પ્રોગ્રામમાં હિમંત ખેતાણી, ગંગારામભાઈ, રામજી કરમશી, હંસરાજભાઈ, જેઠાબાપા સર્વે હાજર હતા અને મળતા હતા.
- તા. ૧૮-૦૫-૨૦૧૩ બાબુલાલ રૂડાણીની છોકરીના લગ્નમાં તમામ સતપંથી ઉમાનગર ભુજમાં અને અન્યોમાં જયતિભાઈ જબુઆણી અને નવાવાસના સતપંથના ભાઈઓની હાજરી હતી.
- તા. ૦૬-૧૦-૨૦૧૩ : નવરાત્રી દરમયાન કુરબઈમાં ૯ દિવસનો પ્રોગ્રામ અને દસમના લક્ષ્મીનારાયણ મંદિરનો પ્રોગ્રામમાં આખા ગામનાં સનાતન-સતપંથના બંને ભાઈઓએ સાથે મળીને ઉજવેલ છે. જેમાં આખા ગામે નક્કી કર્યું આપણે કોઈ મોટી સમાજનું કહ્યું માની ઝગડા કરવા નથી આવું નક્કી કરી એકવાયકાથી ઉજવેલ.
- ૨૦૦૮-૨૦૦૯ : મોડાસાના માતાજીના મંદિરનો ઝગડો જે છે તે જમીન સતપંથીએ આપેલ છે. ત્યારબાદ બાંધકામ પૂર્ણ થઈ ગયા પછી જે પ્રાણપ્રતિષ્ઠા કરવા વખતે નાનકદાસજીને આમંત્રણ આપવા માટે ટાઈમ લઈને પત્રીકાઓ છપાવેલ હતી. પાછળથી વહીવટનો વાંધો પડ્યો છે અને ખપાવે છે સંપ્રદાયમાં આવું સમાજમાં કેમ ચાલે.
- તા. ૦૬-૧૧-૨૦૧૩ : મોમાઈમોરા ગામ સતપંથની સમાજવાડીના વાસ્તુમાં આખું ગામ સતપંથી સનાતનીઓ અને સહીઓવાળા ભેળા બેસી જમ્યા હતાં. ગામના બાબુલાલ અને મહેન્દ્ર બંને બહાર ફરતા હતા.
- ૯ થી ૧૬-૧૧-૨૦૧૩ : ના દુર્ગાપુર નવાવાસમાં ભાગવત કથા ગામના મહાજનોએ વંચાવેલ હતી. તેમાં સતપંથી અને સનાતની ભેગા મળી કામ કરતા હતા જમણનો ખર્ચ સતપંથીઓએ આપ્યો હતો.
- ૧૧,૨૦૧૩ : ના મહિનામાં ઉમાનગર ભુજમાં જેઠાબાપાના ૭૫ વર્ષ ઉજવ્યો જેમાં સવારના હવન હતું બપોર પછી શોભાયાત્રા અને સાંજે પ્રોગ્રામ હતો તેમાં સતપંથીઓ ને પણ બોલાવ્યા હતા. અને ઉમાનગર સગરી હતું.
- ૨૪-૧૨-૨૦૧૩ : ના લક્ષ્મણભાઈ-ભુજને ત્યાં દિકરીના લગ્ન હતા તેમાં તેઓએ તમામને પત્રીકા આપી તેડાવેલાં હતાં. જેમાં ખાંટી સતપંથીઓ હતાં. આ પ્રોગ્રામમાં હંસરાજભાઈ અને ગંગારામભાઈ પણ હાજર હતા.
- ૨૭-૦૪-૧૩ : નારણ માવજીની પૌત્રીને હળવદ ખાતે પરણાવી ત્યારે ત્રણ લગ્નમાં દેવજી માધવજી નાકરાણી જોરાવરનગર, ચંદુલાલ મનજી પોકાર - મોરબીની હાજરી જેમાં બન્ને સમાજના ભાઈઓ જમવામાં સઘરી હતાં જેમાં પિરાણાના ટ્રસ્ટી જેઠાલાલ નાકરાણી હતા.
- ૨૫-૦૫-૨૦૧૪ : ગત અખાત્રીજના અરજણ કેસરા પારસીયા સતપંથી અગિયાના તેમને ઘેર લગ્નમાં સમાજના ન્યાય સમિતીના પ્રમુખ ડૉ. પ્રેજીભાઈ ઘોઘારીની હાજરી હતી.
- ૦૨-૦૧-૨૦૧૫ : રોજ દુર્ગાપુર માંડવી ગામે શંકર મંદિરની પ્રાણપ્રતિષ્ઠામાં આખું ગામ સઘરી ત્રણ દિવસ સૌએ સાથે જમણવાર કરેલ.
- દામજીભાઈ વાસાણી માંડવી ઝોનના પ્રમુખ છે અને વાસાણી પરિવારના ગૌત્રની સ્થાપના કરેલ છે. તેમાં તેઓ મંત્રી છે અને આ પરિવારમાં બંન્ને સંપ્રદાયના પરિવારો સામેલ છે.
- ૨૦૧૫ના મુંબઈ ઝોન ખાતે વડીલ વ્યક્તિઓના સન્માન કાર્યક્રમ રાખેલ જેમાં તમામ સંપ્રદાયના ભાઈઓ હતાં તેમા સમાજના પ્રમુખશ્રીના કહેવાથી ઉપપ્રમુખ હાજર રહેલ હતાં. આવા કાર્યક્રમમાં તમને જવા માટે છૂટ અને બીજાને મનાઈ કરવી એ બીલકુલ યોગ્ય નથી.

*નોંધ : ઉપર મુજબ મારી યાદદાસ મુજબ સમાજની મોટા માણસોના મોટા દિલ રાખ્યાના અને બિનસંપ્રદાયીક વલણ રાખ્યાનાં પ્રસંગો ટાંક્યા છે, જ્યારે અમુક જગ્યાએ સનાતની ભાઈઓ એવા નાના માણસોને તમારે ઘેર સતપંથીઓમાં મામા કે માસીઓમાં મામેરૂ નહિ લઈ આવી શકે આવી રીતે સગીબહેનોને ત્યાં મુશ્કેલીઓ પહોંચાડતા હોય છે, આ ક્યાંનો ન્યાય કહેવાય માટે મોટા કરે તે લીલા નાના કરે તે છિનાળું.*

આનો ખુલાસો ઉપર કરેલ છે.

Link: https://www.realpatidar.com/a/series97

## અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજના હિતમાં સમાજ ભક્તિની સચ્ચાઇ

### સ્વેતપત્ર : ૨૫-૩-૨૦૧૦

કેન્દ્રીય સમાજના હોદ્દેદારો અને સમાધાન સમિતિ દ્વારા ધાર્મિક વિવાદો અંગેના સમાધાનની લાંબા સમયની પ્રક્રીયા દરમ્યાન ખુબજ ઉંડાણ પુર્વકનો અભ્યાસ સમગ્ર રીતે કરવામાં આવેલ છે. અમારી સમક્ષ આવેલા કેટલાક તથ્યો, હકીકતો સાહીત્યોમાંથી ઉભરેલા સત્યો, પુવર્જોની ચીંધેલી દિશા, વડવાઓના કાર્યો, જ્ઞાતિજનો સાથેના સંવાદો, મતો, અભિપ્રાયો વગેરેને અમો હોદ્દેદારોએ નોંધમાં લીધેલ છે. તેમજ છેલ્લા કેટલા સમયથી ધર્મ વિષયક વિવાદો, બનાવો, ઘટનાઓ અને વર્તમાન બંધારણનો તાર્કિક તલસ્પર્શી અભ્યાસના તારણો કરતાં આવી તમામ બાબતોને નજર સમક્ષ રાખીને અવારનવાર મળેલ હોદ્દેદારો અને ટ્રસ્ટીઓની મીટીંગમાં ચર્ચા-વિચારણાના અંતે સર્વાનુમતે લેવાયેલ નિર્ણયોના અનુસંધાનમાં અને તા. ૨૭-૨-૨૦૧૦ના રોજ સમાધાન સમિતિની સભા દરમ્યાન બનેલ કલંકિત ઘટનાના અનુસંધાનમાં નીચે મુજબનો શ્વેત પત્ર જારી કરવામાં આવે છે.

(૧) આપણી કેન્દ્રીય સમાજની સ્થાપના એવા વડીલો દ્વારા કરવામાં આવી હતી કે જેમણે પીરાણા સતપંથ ધર્મનો સદંતર ત્યાગ કરી મુળ સનાતન હિન્દુ ધર્મનો અંગીકાર કર્યો હતો.તેથી નિઃશંકપણે પુરવાર થાય છે કે આપણી કેન્દ્રીય સમાજ સનાતની સમાજ છે અને તેનો ધર્મ સનાતન વૈદિક હિન્દુ ધર્મ છે.

(૨) પુજનીય સંતશ્રી ઓધવરામજી મહારાજ જેવા સંતોની સલાહ અને સ્થાપક વડવાઓના અભિગમને અનુસરી આ સમાજની રચના કરવામાં આવેલ હતી જેથી આ સમાજ, મુળભુત હિન્દુ સનાતન વિચારધારાથી ભટકી ગયેલ જ્ઞાતિજનોને હિન્દુ સનાતન વિચારધારામાં ભેળવવાના પ્રયાસો કરશે.

(૩) આપણો સમાજ હિન્દુ સનાતન વિચારધારા પર આવી શકે તેવી લાગણીથી આ સમાજની રચના કરવામાં આવી છે અને તેના સારા પરિણામો આવી શક્યા છે પરંતુ અપવાદરૂપ હજી પણ કેટલાક જ્ઞાતિજનો આપણી હિન્દુ સનાતન સંસ્કૃતિને અપનાવી શક્યા નથી તે ખરેખર દુઃખદ બાબત ગણી શકાય.

(૪) સમાજ રચનાના લખાણો, તે વખતની પ્રતો, મીનીટસ બુકો વિગેરે પરથી પ્રમાણિત થાય છે કે આ સમાજનો હિન્દુ પરંપરાને જાળવીને હંમેશને માટે કાર્ય કરવાનો આદેશ હતો તેથી આ સમાજ તેજ વિચારધારા પર કાર્ય કરશે અને સમાજમાં સનાતન હિન્દુ ધર્મનો પ્રચાર-પ્રસાર કરશે.

(૫) અત્યાર સુધી અવારનવાર કેન્દ્રીય સમાજ દ્વારા જ જ્ઞાતિના અધિવેશનો બોલાવવામાં આવેલા છે. તેમાં પસાર કરવામાં આવેલ ઠરાવ મુજબ જ્ઞાતિના રિતરિવાજોના નિયમ ૧૮ મુજબ બાહ્ય આચરણો અંગે અને નિયમ ૧૯ મુજબ સામાજિક તેમજ ધાર્મિક પ્રશ્નો અંગેનું પાલન કરાવવા જણાવવામાં આવેલ છે. તેમ છતા કેટલીક વ્યક્તિઓ આ નિયમોને ગંભીરતાથી લેતી નથી.તેમજ અવારનવાર એક યા બીજા બહાના હેઠળ આપણો સમગ્ર સમાજ હેરાન થાય તેમજ સમાજના પ્રતિનિધિઓની લાગણી દુભાય તેવા કેસો કરે છે અને સમાજને પણ તકલીફમાં મુકે છે જેથી સમાજનું બંધારણ, <u>ધારાધોરણ તેમજ જ્ઞાતિના રિતરિવાજોના નિયમ ૧૮ અને ૧૯નું ચુસ્તપણે પાલન કરાવવું આ તબક્કે ખુબજ જરૂરી બને છે</u>. સમાજમાં એક જ આચાંર અને વિચાર કાયમ રહે, એક જ રિતરિવાજોનું અને સનાતન હિન્દુ ધર્મનું ચુસ્ત પણે પાલન થાય તે અત્યંત જરૂરી છે. જેમણે ઉપરોક્ત નિયમોનો ભંગ કરેલ છે તે વ્યક્તિ તેમજ વ્યક્તિ સમુહનું સભ્યપદ રદ કરવાનું રહે છે અને "સ્વર્ણિમ મહોત્સવ" તેમજ સમાજના તમામ કાર્યક્રમોમાં તેમનો પ્રવેશ નિષેધ કરવામાં આવે છે. આ અંગેની જવાબદારી ભારત ભરના તમામ ઝોન અને ઝોનમાં આવતા સમાજને સોંપવામાં આવે છે.

(૬) સમાજના સભ્યપદ મેળવવા માટે આ શ્વેત પત્રમાં જણાવેલ વિવિધ મુદ્દાઓ અનુસાર આપણી જ્ઞાતિના જે કોઈ સભ્ય જન્મથી મરણોતર સુધી સનાતન વૈદિક હિન્દુ ધર્મની પરંપરાઓ અને સમાજના બંધારણ અને ધારાધોરણો તથા જ્ઞાતિના રિતરિવાજોનું પાલન કરનારને નિયમ અરજી પત્રક મેળવીને જરૂરી સભ્ય ફી ભરી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજે તેનું સ્વરૂપ સ્પષ્ટ કરતું શ્વેતપત્ર તા. ૨૫-૩-૨૦૧૦ના રોજ બહાર પાડયું છે. કારોબારી સભામાં મંજુર થયે સભ્યપદ આપવામાં આવશે. સમાજના વર્તમાન આજીવન સભ્યોએ પણ સભ્યપદ માટેનું નિય અરજી પત્રક ભરીને સમાજને સોપવાનું રહેશે.

**પ્રમુખશ્રી,**
**શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ,**
**નખત્રાણા (કચ્છ)**

આનો ખુલાસો ઉપર કરેલ છે.

Link: https://www.realpatidar.com/a/series97

॥ श्री उमाम्बा शरणमस्तु जन्मान्तरप्वपि ॥

Trust Regd. No.: A-943, Mehsana PAN: AAATK29331



# કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝા

# Kadva Patidar Kuldevi Shri Umiya Mataji Sansthan, Unjha

તા. ૨૩-૦૬-૨૦૨૪

## હિન્દુ ધર્મના શંકરાચાર્ય - ધર્માચાર્યો- મહંતોએ એ માન્યતા આપેલ પ્રેરણાપીઠને શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝા દ્વારા અનુમોદન.

જય ઉમિયા !

સતપંથ સનાતન સંપ્રદાયમાં પ્રવર્તમાન હિન્દુ વૈદિક પરંપરાને અનુમોદન આપવામાં આવ્યુ છે તથા સતપંથ સનાતન સંપ્રદાય હિન્દુ સનાતન ધર્મનો ભાગ હોવાની હિન્દુ સનાતન ધર્મના અન્ય સાધુ સંતો, આચાર્યો અને જગદગુરૂ શંકરાચાર્યોએ આપેલી સ્વીકૃતિને અનુમોદન આપવામાં આવ્યુ છે. તાજેતરમાં સ્પષ્ટપણે જણાવાયું છે કે શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝા દ્વારા અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ દ્વારા પ્રકાશિત ''સતપંથ છોડો'' પુસ્તિકાની અંદર શ્રી ઉમિયા માતાજી ઊંઝા સંસ્થાનનો શુભેચ્છા સંદેશો પાઠવેલ હતો. તે સદર સંદેશામાં શ્રી ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝા દ્વારા મા ઉમિયાનો આદેશ સતપંથ છોડો એવો કોઈ આદેશ શુભેચ્છા સંદેશમાં આપવામાં આવેલ નથી. તેમજ શ્રી ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝા દ્વારા આપેલ ચુકાદામાં પણ સતપંથ છોડો તેવો કોઇ આદેશાત્મક ઉલ્લેખ કરવામાં આવેલ નથી.

અગાઉ આ વિષય બાબતે સનાતન સંપ્રદાય અને સતપંથ સંપ્રદાય અંગે હોદ્દેદારશ્રીઓની મિટીંગમાં તેમજ આ વિષયના તજજ્ઞો સાથે ચર્ચા કરવામાં આવી હતી. પ્રાપ્ત માહિતી અનુસાર અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનાં સનાતન તેમજ સતપંથ સનાતન સંપ્રદાયનો વિવાદ છેલ્લા ઘણા વર્ષોથી ચાલી રહ્યો હતો. આ વિવાદના ઉકેલ માટે બન્ને સંપ્રદાય દ્વારા નિમાયેલ ૧૧-૧૧ સભ્યોની અવારનવાર રજૂઆતો સાંભળવામાં આવી હતી. શ્રી ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝા દ્વારા નિમાયેલ લવાદોએ તા.૦૮-૧૦-૨૦૧૭ના રોજ જે નિર્ણય કરેલ છે તે ચુકાદાનો અમલ કરવાની બન્ને પક્ષોએ ખાતરી આપી હતી.

શ્રી ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝા દ્વારા શ્રી કચ્છ કડવા પાટીદાર સતપંથ સનાતન સમાજ ટ્રસ્ટના પ્રમુખ શ્રી અબજીભાઈ કે ધોળુને લખેલા પત્રમાં જણાવ્યું છે કે શ્રી ઉમિયા માતાજી ઊંઝા સંસ્થાનના હોદ્દેદારશ્રીઓ કચ્છ સમાજની બન્ને સંસ્થાઓની મુલાકાતો, કાર્યક્રમો તેમજ વિશેષ પ્રસંગો દ્વારા થતી મુલાકાતોથી ચુકાદાના અમલ અંગેની માહિતી સંસ્થાએ મેળવેલ છે, સતપંથ સનાતન દ્વારા ચુકાદામાં જણાવેલ કાર્યવાહી સતપંથ સંપ્રદાય દ્વારા અમલમાં મુકવામાં આવેલ છે. સંસ્થાના હોદ્દેદારશ્રીઓએ પ્રેરણા પીઠની અવારનવાર મુલાકાત લીધેલ છે અને ત્યાંની હિન્દુ વૈદિક પરંપરા જોયેલ છે.

શ્રી ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝાએ અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજના સનાતન તેમજ સતપંથ સનાતન સંપ્રદાય બન્નેને વિનંતી કરી છે કે કોઇપણ વિવાદિત નિવેદનો નહિ કરી આપણી સંગઠિત શક્તિ વધુ મજબુત બને તેવા ખાસ પ્રયત્નો કરશો. શ્રી ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝા દ્વારા કચ્છ કડવા પાટીદાર સમાજના બન્ને સંપ્રદાયોનાં સમાધાન માટે જે કંઈ કરવાનું હતું તે પૂર્ણ થયેલ છે. હવે બન્ને સંપ્રદાયો સાથે મળી આગળની કાર્યવાહી કરે તે કચ્છ કડવા પાટીદાર સમાજના હિતમાં છે. શ્રી ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝા દરેક કડવા પાટીદાર સમાજની એકતા, ભાઈચારા અને ઉન્નતિ માટે તેમજ માતાજીનો ભક્તિભાવ વધારવાનું કામ કરે છે. આપણા કચ્છ કડવા પાટીદાર સમાજની એક્તા વધુ મજબુત બનાવવા માટે સંગઠિત થઈ કામ કરશો અને બન્ને સંપ્રદાયો દ્વારા મા ઉમિયાનો ભક્તિભાવ વધે અને સંસ્થા સાથે સતત જોડાયેલા રહે એવી વિનંતી.

**'મા ઉમિયાના આશીર્વાદ સદૈવ આપણા સૌના પરિવાર પર ઊતરતા રહે એજ પ્રાર્થના'**


**બાબુભાઈ જે. પટેલ (BJP)**
પ્રમુખ
શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝા

**દિલીપભાઈ એમ. પટેલ (નેતાજી)**
માનદમંત્રી
શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝા

Unjha: 384170 (North-Guj.) India. Phone: Office: 02767-245472, M. 85110 16000
Guest House: 02767-246474, M. 85110 17000, Bhojanalay: 02767-245474
Web: www.maaumiya.com
Email: umiyamatajiunjha@gmail.com • umiyamatajiunjha • umiyamataunjha

આનો ખુલાસો ઉપર કરેલ છે.

Link: https://www.realpatidar.com/a/series97

## શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ
નખત્રાણા
(Trust Regd. No.: A-828, Kutch Dt. 6-4-1965)

Dt. 12-07-2024

# જાહેર જનતા જોગ ખુલાસો

### જય માં ઉમિયા... જય લક્ષ્મીનારાયણ... જય સનાતન...

કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિમાં સૈયદ ઈમામ શાહ (હાલે નામ બદલીને હંસતેજજી મહારાજ) દ્વારા ઇસ્લામના પ્રચાર માટે સ્થાપેલ સતપંથ ઉર્ફે પીરાણા પંથને કારણે ઉભા થતા વિવાદો અને સમસ્યા ૫૦૦ વર્ષ જૂની છે, પરંતુ ઊંઝા ઉમિયા માતાજી સંસ્થાને તા. ૨૫. ૬. ૨૦૨૪, કચ્છમિત્ર દૈનિકમાં ખોટો દાવો કરેલ છે કે પીરાણા (પીર ઈમામશાહ દરગાહ) પંથને હિન્દુ ધર્મના શંકરાચાર્યોએ, પ્રેરણાપીઠ માન્યતા આપેલ છે જે સત્યથી તદ્દન વેગળુ છે, આવા નિવેદનો દ્વારા સમગ્ર હિન્દુ સમાજને ગેરમાર્ગે દોરનાર જાહેરાત શુદ્ધ હિન્દુત્વ પાળતી કચ્છ કડવા પાટીદાર સનાતન જ્ઞાતિજનોની લાગણી દુભાવવાનો ઇરાદાપૂર્વક ઉજરડો કર્યો એવું દેખાય છે. જેને શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન જ્ઞાતિની માતૃ સંસ્થા શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ સખત શબ્દોમાં વખોડી કાઢે છે.

આ વિવાદના અંગે અગાઉ તા. ૮/૧૦/ ૨૦૧૭ ના ખુદ ઊંઝા ઉમિયા માતાજી સંસ્થાનએ આપેલ ચુકાદામાં સતપંથીઓ માટે જણાવેલ છે કે નિષ્કલંકી નારાયણ એ હિંદુ ધર્મની માન્યતા વિરુદ્ધ છે, છતાં ઇષ્ટદેવ માની પૂજે છે. ચુકાદામાં હિન્દુ ધર્મના શાસ્ત્રો અને પુસ્તકોનું પઠન કરવા જણાવ્યું છે પરંતુ હિન્દુ ધર્મનાં શાસ્ત્રોને બદલે મુસ્લિમ સૈયદ ઇમામશાહ દ્વારા લેખિત દશાવતાર જેવા સતપંથના જ પુસ્તકોનું વાંચન અને વર્ણન કરવામાં આવે છે.

આમ ઊંઝા માતાજીના ચુકાદાનુ જરા પણ પાલન કર્યું નથી, ઉલટાનું વિપરીત થઈ રહ્યું છે. તેથી શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ નખત્રાણા દ્વારા ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝાની ખોટી જાહેરાતનો ખુલાસો માંગતો ત્રણ પેજનો પત્ર દિનાંક ૨૮ જૂન ૨૦૨૪ ના પાઠવેલ છે. જેને વોટ્સએપ જેવા માધ્યમો વડે જાહેર જનતા જોગ પ્રસિદ્ધ કર્યો છે. એમ જ્ઞાતિના માસિક સમાચાર પત્રોમાં પ્રકાશિત કરેલ છે જે મેળવી શકશો.

ભવિષ્યમાં આ વિષયને લઈને તેમજ પીરાણા પંથ અને અન્ય કોઈ પણ જાહેરાતો/ ખુલાસાઓ/ નિવેદનો કોઈપણ વ્યક્તિ કે સંસ્થા દ્વારા કરવામાં આવે તેમાં કચ્છ કડવા પાટીદાર સનાતની જ્ઞાતિની માતૃ સંસ્થા શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજને સ્વીકાર્ય અને સહમત છે એવું માની લેવું નહીં. જે આથી જાહેર જનતા જોગ તાકીદ કરવામાં આવે છે.

આપનો સહૃદયી...
પુરુષોત્તમભાઈ રવજીભાઈ ભગત
મહામંત્રીશ્રી
શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ